**કિંમત : રૂા. ૨૫.૦૦**

- **વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (છ અંક અને છ પુસ્તિકાઓ.)**
- **લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.**
- **લવાજમ :** વાર્ષિક રૂા. ૩૦૦/- **૩ વર્ષ :** રૂા. ૮૦૦/-
  **૫ વર્ષ :** રૂા. ૧૩૫૦/- **આજીવન :** રૂા. ૭૦૦૦/-

**વિદેશ લવાજમ : વાર્ષિક** રૂા. ૧૨૫૦/- **૫ વર્ષ માટે રૂા.** ૬,૦૦૦/-

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''** ના નામનો લખવો, શાખાઃ **લો-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. **૦૫૪૯૧૦૦૦૨૫૨૨**માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો IFSC No. BKDN0110549 છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : **૧૦.૦૦ થી ૧૨.૦૦ • ૫.૦૦ થી ૭.૦૦**


| | | |
|---|---|---|
| સ્થાપક : | સુરેશ પરીખ<br>**આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી,<br>ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭** | **ફોન : ૦૨૬૧-૨૨૨૭૭૭૦** |
| પ્રકાશક :<br>વ્યવસ્થાપક : | **મુનિ દવે<br>વિજય બરફીવાલા<br>૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે,<br>ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.**<br>E-mail : vicharvalonun@yahoo.co.in | **ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭<br>ફોન : ૯૯૧૩૨૩૯૬૫૭**<br><br><br><br>Web : www.vicharvalonu.com |

કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :
**અનુરાજ ગ્રાફિક્સ, ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ,
ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨**

મુદ્રણ :
ગણેશ ઓફસેટ
શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ

સંપાદક ગણ

| | | |
|---|---|---|
| તરુણ શાહ | **બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ,<br>સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧** | **ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮** |
| પ્રજ્ઞા પટેલ | **આત્મન્, ૧૬૮૭/૧, સેકટર-૨ ડી,<br>ગાંધીનગર-૩૮૨૦૦૨.** | **ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩** |
| નિરંજન શાહ | **'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી,<br>મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬** | **ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯** |
| મુનિ દવે | **૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા,<br>અમદાવાદ-૩૮૦ ૦૧૫** | **ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭** |


**આવરણ :** ફોટોગ્રાફર : શ્રી હેમાંગ મહેતા, દિલ્હી

## સંપાદકીય

**આજે ગાંધી કેટલા પ્રસ્તુત?**

થોડા વખત પહેલા એક કંપનીના યુવાન COOએ મને કોઈ વાતમાં કહ્યું કે, ''ગાંધીજીએ આ દેશને બહુ પાછળ ધકેલી દીધો. વિકાસ કરવો હશે તો ગાંધીથી છૂટકારો મેળવવો જ પડશે. આપણે છેલ્લા સીત્તેર વર્ષોમાં શું મેળવ્યું?'' ટીવી પર વારંવાર દેખાતા મેજર પણ કહે છે કે ગાંધી હવે ન ચાલે.

ગાંધીની મજા એ છે કે એમના ચુસ્ત અનુયાયીઓએ પણ એમના કેટલાક વિચારો સામે અસહમતી બતાવી છે - ગાંધીના જીવતા અને અવસાન બાદ પણ. તેમ છતાં તેઓ અનન્ય ગાંધીપ્રેમી રહ્યા છે. ગાંધીના કટ્ટર વિરોધી RSSના વડા શ્રી ભાગવતે હમણાં જે વાત કરી તે પાછા ગાંધીની વાત પર જ આવીને અટક્યા. ગાંધીની સ્વદેશી ભાવના, સાદાઈ, આદિવાસી-દલિત કલ્યાણ કે ગ્રામોદ્ધારની વાતો તેમના કટ્ટર વિરોધીઓએ પણ સ્વીકાર્યા વગર છૂટકો નથી.

પ્રસ્તુત અંકમાં વિનોબાજી અને નારાયણ દેસાઈ ગાંધીની પ્રસ્તુતતા વિષે વાત કરતા કહે છે કે ગાંધી આપણને આંગળી પકડીને દોરે તેવી અપેક્ષાને બદલે ગાંધીના વિચારો સાથે આપણું ચૈતન્ય ઉમેરીને ગાંધીના તત્ત્વને આજના સમય અનુસાર આચરવાનું છે. ગાંધી આધુનિક કે જૂનવાણી, તેની સમજ કૃપણાલીજી વિગતો સાથે આપે છે.

સંવાદમાં ઢગલોએક લેખો આવ્યા. પાનાની મર્યાદાને કારણે બધાને સમાવવવા શક્ય નથી. બાકીનાને આવતા અંકોમાં સમાવીશું. કૌતુક એ વાતનું છે કે ગાંધીનો સજ્જડ વિરોધ કોઈએ નથી કર્યો. આવ્યો હોત તો એવો લેખ સમાવવો ગમત. સંવાદમાં મનસુખભાઈ સલ્લાએ સમજવા જેવી વાત કરી છે : 'ગાંધીની પ્રસ્તુતતા વિશેની ચર્ચા નિરભ્રબુદ્ધિથી, વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ, નહિ કે કેવળ બુદ્ધિવિલાસ માટે. પરંતુ આજે બુદ્ધિવિલાસ માટે વધુ થાય છે.'

હું ગાંધીજીએ આપેલાં મોટાભાગનાં વ્રતોને માત્ર ગાંધીવિચાર તરીકે નથી લેતો પણ એક સ્વસ્થ માનવ તરીકે જીવવાના લક્ષણો ગણું છું. આમાંની મોટા ભાગની વાતો વિશ્વના કોઈ પણ સમાજને, કોઈ પણ કાળે, અમીર, ગરીબ સૌને લાગુ પડે તેવી છે એટલે ગાંધી સદાકાળના પ્રસ્તુત રહેવાના જ છે. વ્યક્તિગત ધોરણે સૌ પોતાની રૂચિ, ક્ષમતા અનુસાર ગાંધીવિચારને અપનાવશે જ.



આજે ગાંધીનો બોખો ચહેરો, ચશ્મા, લાકડી, ઘડિયાળ, ચંપલ બધે દેખાય છે પણ અસંમતિનો વિવેકપૂર્ણ બુલંદ અવાજ ક્યાંય સંભળાતો નથી. સરકાર કે અન્યોએ સામાન્યજનની સાથે કરેલા અન્યાય સામે અવાજ ઉઠાવવાની કે (ચુનીકાકામાં હતી એવી) સંઘર્ષ કરવાની તાકાત ભાગ્યે જ દેખાય છે.

**મુનિ દવે**

## તળેઉપર

# ૧. ગાંધી જેવા જોયા જાણ્યા - વિનોબાએ

**સંકલન - કાંતિ શાહ**

અનાદીકાળથી લઈને આજ સુધી અનેક મહાપુરુષો અહીં અવતર્યા અને જીવનને સમૃદ્ધ કરતા ગયા. એ મહાપુરુષોની અંતિમ કડીના રૂપમાં અને ભવિષ્યમાં આવનારા મહાપુરુષોમાં પ્રથમ ગણાવનારા ગાંધીજી હતા. ભૂતકાળના મહાપુરુષોએ આપણને જે આપ્યું તેનો સાર આપણે ગાંધીજીમાં પામ્યા અને ભવિષ્યમાં જે અસંખ્ય મહાપુરુષો પરમેશ્વર મોકલવાના છે, તેમના બીજ ગાંધીજીમાં મળ્યાં. પ્રત્યેક મહાપુરુષોની બાબતે એવું ના કહી શકાય. દરેકની પોતાની એક વિશેષતા હોય છે. પણ મહાપુરુષોમાં પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનાં બીજ જેના જીવનમાં એકત્ર થયા હોય, એ તો વિરલા જ હોય છે. એવા વિરલ મહાપુરુષમાં ગાંધીજી એક હતા. તેઓ સત્પુરુષ હોવાની ઉપરાંત એક નવા વિચારના પ્રવર્તક પણ હતા. ગાંધીજી યુગ-પ્રવર્તક સત્પુરુષ હતા. 'ગીતા'માં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે. એ વર્ણન જેને લાગુ પડે એવો સ્થિતપ્રજ્ઞ શરીરધારી ભાગ્યે જ શોધ્યો જડે. પણ એ લક્ષણોની બહુ નજીક પહોંચી ચૂકેલા મહાપુરુષને મેં મારી સગી આંખે જોયો.

●●●

ગાંધીજી પ્રતિ આપણે મૂઢ ભક્તિ ન રાખીએ. ભક્તિભાવ માટે આપણા પાસે અઢળક સામગ્રી પડી છે. એ માટે નવા દેવની નહીં, જીવનશુદ્ધિના એક પવિત્ર દૃષ્ટાંતની જરૂરત છે. ગાંધીજી શુકદેવ, કપિલમુનિ કે શંકરાચાર્યની કોટીના મહાપુરુષ નહોતા. તે સામાન્ય માણસ હતા અને જીવનમાં એમણે જે કંઈ પ્રાપ્ત કર્યું તે પોતાની પ્રત્યક્ષ સાધના અને સત્યનિષ્ઠાથી પ્રાપ્ત કર્યું. એ માટે એમનું જીવન આપણને અનુસરણ કરવા યોગ્ય બનશે.

●●●

લોકો એવું માની લે છે કે અહિંસાને બચાવવા માટે થોડી હિંસા તો અનિવાર્ય છે. જૂના જમાનામાં ભલા ભલા લોકો તો એવું જ માનતા હતા. પણ ગાંધીના આવ્યા બાદ આપણા મનમાં તો આ સંબંધે સમાધાન થઈ ગયું છે. પહેલાના ધર્મોએ પણ એવું જ કર્યું. તેમણે માની લીધું કે અહિંસા ઉત્તમ જરૂર છે પણ તે વ્યક્તિગત જીવનમાં. સમાજમાં તો અહિંસા જોડે થોડું સમાધાન કરવું પડશે. ગાંધીજીએ આપણને જે શિક્ષણ આપ્યું તેને લોકો ગૌણ માને છે. એનું મુખ્ય કારણ એ છે કે સમાજમાં હજુ સુધી નૈતિક સાધનની જેટલી જોઈએ એટલી પ્રતિષ્ઠા નથી થઈ. એટલે હું ઘણીવાર કહું છું કે આપણે બધા ગાંધીના અનુયાયીઓ ભલે કહેવાઈએ, પણ વાસ્તવમાં આપણામાંથી ઘણા તિલક મહારાજના જ અનુયાયીઓ

છીએ. લોકમાન્યે 'ગીતા રહસ્ય'માં અહિંસાનું બહુ ગૌરવ કર્યું છે પણ પછીથી કહ્યું છે કે 'એનું સ્થાન વ્યક્તિગત જીવનમાં છે. સાર્વજનિક જીવનમાં અહિંસા નહીં ચાલે.' આપણામાંથી ઘણા સમાજ જીવનમાં આચરણ કરવાનો સવાલ આવે છે ત્યારે હિંસા-અહિંસાને સંદર્ભે સમાધાન કરી લઈએ છીએ.

●●●

બાપુનો જમાનો અને આજના જમાનામાં ત્રણ પ્રકારના અંતરો છે. પહેલું એ કે એ સમયે આપણે આઝાદ નહોતા. આજે છીએ. બીજું અંતર છે, એ સમયે હિન્દુસ્તાનમાં લોકશાહીની સ્થાપના થઈ નહોતી. પણ આજે તો થઈ ગઈ છે અને ત્રીજું અંતર છે, એ સમયે જેટલું વિજ્ઞાન હતું તેના પ્રમાણમાં આજે વિજ્ઞાન ખૂબ આગળ વધી ગયું છે. આ રીતે આ ત્રણ ઘટનાઓ એવી રીતે બની જે આજે આપણને સંશોધન કરવાની પ્રેરણા આપે છે.

એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આજના સંદર્ભે સત્યાગ્રહનું બાહ્ય સ્વરૂપ ભિન્ન હશે. તત્ત્વતઃ તેનું મૂળ સ્વરૂપ છે - આંતરિક પ્રેમરૂપ, તે કાયમ રહેશે. સત્યાગ્રહ સંબંધે ગાંધીજીના વિચારો વિધાયક હતા. તેમણે passive resistance શબ્દનો અસ્વીકાર કર્યો - એવું કહીને કે એ શબ્દ એવો નથી કે જેમાં પૂર્ણ પ્રેમનું દર્શન થાય. પછીથી 'સત્યાગ્રહ' શબ્દ રૂઢ થયો. એટલે ચોક્કસપણે એમ કહી શકાય કે ગાંધીજી માટે સત્યાગ્રહની કલ્પના નેગેટિવ નહોતી. જો એવું હોત તો તે સત્યાગ્રહની કલ્પનામાં રચનાત્મક કાર્યને, સેવાકાર્યને કદી ન જોડત.

●●●

અત્યાર સુધી આપણી પાસે ગાંધી હતા એટલે જ્યારે જરૂર પડી ત્યારે આપણે માર્ગદર્શન માટે આપણે એમની પાસે પહોંચી ગયા. તેમણે આપણી સાથે ખૂબ સંવાદ કર્યો. આપણને કેળવવા 'હરિજન' દ્વારા ખૂબ લખ્યું, પણ હવે તેઓ આપણી વચ્ચે નથી. એનો અર્થ કે હવે આપણે આપણી બુદ્ધિથી ચાલવાનું છે. એમની આંગળી પકડીને નહીં. હવે આપણે આપણો માર્ગ જાતે નક્કી કરવાનો છે. જો એ ન કરી શકીએ તો બાપુએ આપણને આપેલું શિક્ષણ વ્યર્થ જશે. આજે આપણે ગાંધીજી કરતાં વધારે દૂરનું જોઈ શકીએ છીએ કારણ કે આપણે ગાંધીના ખભા પર ઊભા છીએ. આમ હવે આપણે આપણી મતિથી ચાલવાનું છે.

ગાંધીની કેટલીક વાતો આપણે બહુ જલદી ભૂલી ગયા છીએ. એનું એક કારણ તો એ છે કે આપણામાં સ્વાધ્યાયનો અભાવ છે. આપણે જેટલા કામમાં વ્યસ્ત રહ્યા તેટલા વિચારના ઊંડાણમાં ન ઊતર્યા. એમાં બીજું એ પણ કારણ છે કે જે વિચાર રહ્યો તે ગાંધીવિચાર રહ્યો. તે આપણો વિચાર ન બન્યો. આને કારણે ગાંધીના ગયા પછી એ કામનો ઉત્સાહ ન રહ્યો. શ્રદ્ધા પ્રતીત ન થઈ. આત્મવિશ્વાસ ગુમાવી બેઠા.

(ગાંધી જેવા જોયા જાણ્યા - વિનોબાએ, સંકલન - કાંતિ શાહ)

## ૨. ગાંધીની પ્રસ્તુતતા

### નારાયણ દેસાઈ

વર્તમાન સ્થિતિ ઘણી બાબતોમાં ગાંધીજી જેવું જીવતા હતા અથવા તેઓ જેવા વિચારો રજૂ કરતા હતા તેનાથી કેટલી બધી ભિન્ન છે! ક્યાં ગાંધીયુગના સેવકો અને ક્યાં આજના સરકારી-બિનસરકારી સેવકો? ક્યાં ગાંધીની કલ્પનાનાં ગામડાં અને ક્યાં આજનાં ગામડાં? ક્યાં ગાંધીની કલ્પનાની અર્થવ્યવસ્થા અને ક્યાં આજનું અર્થતંત્ર? ક્યાં રચનાત્મક કાર્ય અને ક્યાં આજના નીમ સરકારી અને સરકારી વિકાસ કાર્યો? ક્યાં એકાદશ વ્રત અને ક્યાં આજનો વ્રતહીન સમાજ?

પરંતુ આજની પરિસ્થિતિ ગાંધીજીએ કલ્પેલી સ્થિતિ કરતાં ભિન્ન છે તેથી જ કંઈ તેમની વિચારસરણી અપ્રસ્તુત બની જતી નથી. જો અમુક વિચાર, આદર્શો કે મૂલ્યો વર્તમાન પરિસ્થિતિમાં આવશ્યક લાગતા હોય તો સમજવું કે તે પ્રાસંગિક કે પ્રસ્તુત છે.

ગાંધીવિચારની પ્રસ્તુતતાને સમજવા ખાતર સૌથી પ્રથમ તો એ સમજી લેવું પડશે કે ઈતિહાસમાં થઈ ગયેલા કોઈ પણ વિચાર કે આદર્શ આખા ને આખા એના એ જ સ્વરૂપમાં ફરી આવતા નથી અને આવવા જોઈએ પણ નહીં. દરેક એવા ચિંતક કે જેનું ચિંતન એના પછીની પેઢીઓને કામ લાગવાનું હોય છે, તેના ચિંતનમાં પ્રસ્તુતી શોધવા જનારે કેટલોક વિવેક કરવો ઘટે છે. મહાન ચિંતકોના વિચારો એઓ જે દેશમાં અને જે કાળમાં જન્મ્યા હોય તેમાંથી નીપજ્યા હોય છે. એમાંથી કેટલાક દેશ અને કાળની સીમાને ઓળંગી જતા હોય છે અને કેટલાક તે દેશ અને કાળ પૂરતા સીમિત રહેતા હોય છે. જે વિચારો સર્વદેશીય હોય અને સર્વકાળને લાગુ પડી શકે તેવા હોય તે એનાં મૂળતત્ત્વો હોય છે. તેમના અન્ય વિચારો મોટેભાગે પરિસ્થિતિજન્ય કોયડાઓનાં ઉકેલનું તંત્ર સૂચવતા હોય છે. કોઈ પણ ચિંતકના ચિંતનની પ્રસ્તુતતા જોનારે એના તત્વ અને યંત્ર વિશે વિવેક કેળવવો પડે. તત્વને ગ્રહીને તંત્રને યોગ્ય સ્વરૂપ અપાય ત્યારે જ તે પ્રસ્તુત બને છે. ગાંધીવિચારોમાંથી કયાં તત્વો આજે આપણા સારુ આવશ્યક છે તેનો વિચાર કરીને તેના તંત્રને વર્તમાન દેશકાળને અનુરૂપ બનાવવા કેવાં પરિવર્તનો કરવાં પડશે અને તે કેટલે અંશે શક્ય છે તેનો વિચાર કરવાથી આપણને ગાંધીવિચારો કેટલે અંશે પ્રસ્તુત છે તે સ્પષ્ટ સમજાશે.

ગાંધીએ આપેલા ત્રણ મૌલિક વિચારોને આધાર લઈને આપણે ઉપરોક્ત કસોટી મુજબ ગાંધીવિચારોને તપાસીએ. સત્યાગ્રહ એ પરિસ્થિતિનાં પરિવર્તન સારું ગાંધીએ આપેલી અવનવી રીત છે. વ્યક્તિના સમષ્ટિ સાથેના સંબંધોને જોડી આપનાર આચારસંહિતા ગાંધીનાં એકાદશવ્રત રૂપે આપણી આગળ રજૂ થાય છે. ગાંધી જેવા

અહિંસક સમાજની છબી કલ્પે છે તેની પ્રારંભિક પણ પાયાની રૂપરેખા એમના રચનાત્મક કાર્યક્રમમાં મળે છે. આ ત્રણના આધારે આપણે ગાંધીવિચારની પ્રસ્તુતતા અંગે વિચારમાં આગળ વધી શકીએ.

સત્યાગ્રહનો વિચાર મહદ અંશે ગાંધીવિચારના તત્વ પર આધારિત છે. એની જુદી જુદી પદ્ધતિઓ એનું તંત્ર છે. તત્વ અપરિવર્તનીય છે. તંત્ર પરિવર્તનક્ષમ અને આવશ્યક્તાનુસાર પરિવર્તનીય છે.

ગાંધીનાં એકાદશવ્રતોમાંથી સાત દેશકાળ અબાધિત મૂળ તત્ત્વો છે. સત્ય, અહિંસા, અભય, અપરિગ્રહ, અસ્તેય (ચોરી ન કરવી), જાત મહેનત, સર્વધર્મ સમાનતા જેવા મૂલ્યોને કોઈ દેશ કે કાળની સીમા બાંધી શકતી નથી. ગાંધીની વિશેષતા એમાં છે કે તેણે સત્ય અહિંસાદિને માત્ર વ્યક્તિગત આચરણના ગુણ નથી માન્યા પણ સામાજિક આચરણના મૂલ્યો માન્યા છે. જે ગુણોથી માણસ માનવી બને છે તે જ ગુણોને સમાજમાં પ્રસારિત કરી સમાજને એ મૂલ્યો પર પ્રતિષ્ઠિત કેમ ન કરીએ?

એ હકીકત છે કે આજે જીવનના ભાગ્યે જ કોઈ ક્ષેત્રમાં કોઈ આચારસંહિતા પાળવામાં આવતી જણાય છે. વ્યક્તિની ગાંડીતૂર વાસનાઓ પર અને સભ્યતાની તોફાની ઉછળકૂદ પર લગામ નાથવાનું કામ ગાંધીના એકાદશ વ્રતો કરે છે. ભ્રષ્ટાચારથી વહીવટ ખદબદે છે. છળકપટથી રાજકારણ, આળસપ્રમાદ શિક્ષણના અંગપ્રત્યંગમાં વ્યાપ્ત દેખાય છે. જે સંસ્કૃતિને નામે અંધવિશ્વાસ ફૂલેફાલે છે ત્યારે એ બધા ઉપર કોઈ અંકુશ મૂકાવો જોઈએ એમ તો કોઈ પણ સમજદાર વ્યક્તિ માનશે. આવું નીતિનું શિક્ષણ કાંઈ ઉપદેશથી અપાતું નથી. તે તો આચરણથી જ અપાય છે.

રચનાત્મક કાર્યક્રમ અહિંસક સમાજના આર્થિક, રાજનૈતિક, સામાજિક અને શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પાસાંનો વિચાર કરે છે. મોટે ભાગે એ ગાંધીના કાળમાં હિંદની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિચારાયેલો છે. તેથી એ ગાંધીના તંત્ર સાથે વિશેષ રૂપે સંકળાયેલો છે. પણ એ તંત્ર છેવટે સત્ય અહિંસાના તત્વની આસપાસ વીંટળાયેલું તંત્ર છે.

ગ્રામસ્વાવલંબનની ગાંધીની કલ્પના એ વાતની ખાતરી નિર્માણ કરે છે કે ઉત્પાદનની વ્યવસ્થા વિશાળ જનસમુદાયના ઉપભોગની અવસ્થાથી છેટી નહીં હોય. તેથી પૌષ્ટિક ખોરાક ઓછો પાકે પણ મોટરગાડીઓ કે ટેલિવિઝનોનું ઉત્પાદન વધી જાય એવી વિષમ પરિસ્થિતિનું નિર્માણ નહીં થાય.

ગરીબી અને અસમાનતા દૂર કરવા સારું ઉપલા વર્ગ પાસે વધારે સંપત્તિ ભેગી થાય અને પછી એ ધીરે ધીરે નીચેના વર્ગો સુધી ઝરપતી ઝરપતી પહોંચશે એ વિચારધારાથી ઊલટા ગાંધી એમ માનતા હતા કે ઉત્પાદન જ ઝાઝા લોકોના હાથમાં હોવું જોઈએ.

રચનાત્મક કાર્યક્રમના સામાજિક પાસામાં આપણે સ્ત્રી-પુરૂષ નાગરિકત્વ, કોમી એકતા, અસ્પૃશ્યતાનિવારણ, આદિવાસીઓના કામ વગેરેને ગણી શકીએ. રચનાત્મક કાર્યક્રમોના સાંસ્કૃતિક અને શૈક્ષણિક પાસા હેઠળ નઈતાલીમ, સફાઈવિજ્ઞાનની તાલીમ, દારૂબંધી, કુષ્ટરોગીની સેવા, ગૌસેવા વગેરેનો સમાવેશ થાય છે.

આજે આટલા વર્ષો બાદ પણ એ કામો અધૂરા છે. કારણ એની તરફ દેશે ધ્યાન જ નથી દીધું. બાકી એ બધા કાર્યક્રમો આજે પણ પ્રાસંગિક છે.

ગાંધી વિચારોની આજના સંદર્ભમાં પ્રસ્તુતતાની સમીક્ષા કરતા એક વાત હંમેશા સ્મરણમાં રહેવી જોઈએ કે ગાંધીજી પોતે એક નિત્ય વિકાસશીલ પુરૂષ હતા. તેથી આજે જો તેઓ હોત તો ગઈકાલે તેમણે જે કહ્યું હતું તે જ એમ જ કહેત એમ કહી ન શકાય. આમ આજના સંદર્ભમાં ગાંધીનો વિચાર કરનારા પણ જાગ્રતપણે એ વાતનો ખ્યાલ રાખીને ચાલે કે એમની સામે પણ રોજ નવી નવી ક્ષિતિજો ઊઘડતી જવાની છે. એ વિચારનાર કેવળ તટસ્થ નિરીક્ષક કે નોંધ કરનાર હોય એ ચાલવાનું નથી. એણે ગાંધીનું અર્થઘટન કરતા પોતાનું ચૈતન્ય પણ એમાં મેળવવાનું છે. તો જ એ અર્થઘટન સાર્થક થશે.

(‘મારું જીવન એ જ મારી વાણી’ - ચતુર્થ ખંડ, ‘સ્વાર્પણ’. લેખક : નારાયણ દેસાઈ)

## ૩. ગાંધી આધુનિક હતા?

### જે. બી. કૃપલાની

ગાંધીજીના ટીકાકારો ઘણીવાર એમને પ્રત્યાઘાતી, મૂડીદારોના અને સામ્રાજ્યવાદીઓના મિત્ર કહે છે. એમના વધુ ઉદાર ટીકાકારો એમને પુનરુત્થાનવાદી તરીકે વર્ણવે છે. કેટલીક વાર ગાંધીજી અને જવાહરલાલની સરખામણી કરવામાં આવે છે. જવાહરલાલ આધુનિક હતા અને ગાંધીજી પુનરુત્થાનવાદી હતા એમ કહેવામાં આવે છે. આ રીતે મહત્ત્વના માણસોનું વર્ગીકરણ કરવામાં જોખમ છે. કોઈ એમ પૂછી શકે કે બુદ્ધ, મહાવીર કે ખ્રિસ્ત નવા જમાના હતા ખરા? જ્યાં સુધી તેમના જીવન અને ઉપદેશનો માનવજાતને માટે કશો અર્થ હોય ત્યાં સુધી તેઓ આધુનિક ગણાય. પણ જો આપણે ગાંધીજીના વિચારો યોગ્ય સંદર્ભમાં સમજવા હોય તો આપણે ‘આધુનિક’ શબ્દનો યોગ્ય અર્થ નક્કી કરવો જોઈએ. ઘણી વાર એ શબ્દ બેવડા અર્થમાં વપરાય છે. ભારતમાં એ શબ્દ એવા માણસ માટે પણ વપરાય છે જેનું બાહ્ય જીવન પશ્ચિમી ઢબનું, કહેવાતા મૂડીવાદી કે સામ્યવાદી, પશ્ચિમની ઢબનું હોય છે.

આધુનિકોનો એક પ્રકાર ‘અમે કંઈક છીએ’ એવું માનવાવાળા, બીજો પ્રકાર

એવા માણસોનો છે જેમની જીવન વિશેની દૃષ્ટિ બુદ્ધિપ્રધાન, તર્કસંગત, વૈજ્ઞાનિક, લોકશાહીને અનુરૂપ અને સમતાવાદી હોય છે.

એ તો ઉઘાડું જ છે કે ગાંધીજી પહેલા પ્રકારના એટલે કે ''હું કંઈક છું'' એવા પ્રકારના આધુનિક નહોતા. તો પછી તેઓ બીજા પ્રકારના આધુનિક હતા કે કેમ એ જોવાનું રહે છે. તેઓ તર્કસંગત વિચારમાં માનતા હતા ખરા? ધર્મનો જીવન પ્રત્યેનો અભિગમ હંમેશ રૂઢિચુસ્ત હોય છે. સાચી આધ્યાત્મિકતા એટલે શું એ બાબતમાં ગાંધીજી રૂઢિચુસ્ત કે પુનરુત્થાનવાદી કે પ્રત્યાઘાતી હતા ખરા? તેઓ ઈશ્વરમાં માનતા હતા. પણ તેનું અસ્તિત્વ તર્કસંગત રીતે પોતે સાબિત કરી શકે એમ નથી એમ સ્વીકારતા હતા. એમને મન સત્ય એ જ ઈશ્વર. નીતિનિયમ એ જ ઈશ્વર. તેઓ એમ માનતા હતા કે જે કોઈ નીતિનિયમમાં માનતો હોય તે આધ્યાત્મિક અને ધર્મનિષ્ઠ ગણાય. એ નીતિનિયમ કોઈ ગુફામાં કે કોઈ પર્વતની ટોચે રહીને ન આચરી શકાય. એ ધર્મ માણસની સમાજમાંની એકએક પ્રવૃત્તિમાં પ્રગટ થવો જોઈએ. તેઓ હિંદુ ધર્મની વિધિઓ અને ક્રિયાકાંડો પાળતા નહોતા. તેઓ હોળી સહિત તેના તહેવારો કે ઉત્સવો પાળતા નહોતા.

પણ ઈશ્વરને માનવાથી તર્કને અને વિજ્ઞાનને કોઈ વાંધો આવે છે? બધા જ મોટા વિજ્ઞાનીઓ કંઈ નાસ્તિક નથી. ગાંધીજી વિજ્ઞાનમાં માનતા હતા ખરા? પણ વિજ્ઞાન એટલે શું? સૌથી પહેલી વાત એ કે વિજ્ઞાન એ માનવજ્ઞાન પ્રાપ્ત કરવાની અને આગળ વધારવાની એક તપાસ પદ્ધતિ છે. એ પદ્ધતિ નિરીક્ષણ, તપાસ, પ્રયોગ, અનુભવ અને જરૂર જણાય ત્યાં પૃથક્કરણનો ઉપયોગ કરે છે. વિજ્ઞાનની બીજી બાજુ એ છે કે આ રીતે પ્રાપ્ત કરેલા જ્ઞાનનો એ વ્યવહારમાં ઉપયોગ કરે. એનું નામ યંત્રવિદ્યા,

હિંદુસ્તાનના લાખો ગામડાઓમાં વસતા બેકાર અને અર્ધબેકાર અર્ધભૂખ્યા અને અર્ધા ઉઘાડા કરોડો માણસોને તેઓ કામ પૂરું પાડવા ઈચ્છતા હતા. તેઓ એમ માનતા હતા કે રેંટિયાને અને બીજા ગૃહ અને ગ્રામોદ્યોગને ફરી સજીવન કરવાથી આ થઈ શકે. એક અર્થમાં એ આવશ્યક કર્મ હતું. એ ભૌતિક દૃષ્ટિએ આવશ્યક નહોતું પણ બેકારી અને અર્ધબેકારીમાંથી પેદા થતી ઘોર ગરીબીનું જો નિવારણ કરવું હોય તો નૈતિક, સામાજિક, આર્થિક અને રાજકીય દૃષ્ટિએ એ આવશ્યક હતું. ગાંધીજીએ એવી જાહેરાત કરી હતી કે જે કોઈ વિજ્ઞાની કે કારીગર એવો રેંટિયો શોધી કાઢે જે વધુ સૂતર આપે અને જે ગામડામાં બનાવી અને સમારી શકાય, તેને એક લાખ રૂપિયાનું ઈનામ આપશે.

સામાજિક ક્ષેત્રે ગાંધીજીએ અસ્પૃશ્યતા, જ્ઞાતિપ્રથા અને સ્ત્રીઓની અસમાનતા અને હિંદુ સમાજમાં પ્રચલિત બીજા વહેમોનું નિવારણ કરવાનો પ્રયાસ કરેલો. આમ ગાંધીજીનું આખું જીવન નિરીક્ષણ, પ્રયોગ અને અનુભવ દ્વારા સત્યની શોધને સમર્પિત થયેલું હતું. એમણે પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' એવું નામ આપ્યું છે.

સામાજિક પ્રવૃતિના એકએક ક્ષેત્રમાં ગાંધીજીનો અભિગમ વૈજ્ઞાનિક હતો. જ્યારે એમને ગરીબો માટે સમતોલ આહારની જરૂર પડી ત્યારે તેમણે વૈદ્યો અને હકીમોને બોલાવાને બદલે એ બાબતમાં તપાસ કરવા માટે આધુનિક દાકતરી વિદ્યાના જાણકારોને આમંત્રણ આપ્યું હતું.

ગાંધીજી પ્રશ્નોનો વિચાર તર્કસંગત રીતે કરતા હતા ખરા? તેઓ બુદ્ધિને ગળે ન ઉતરે એવા એકએક રિવાજનો અસ્વીકાર કરતા હતા. સ્ત્રીઓ અને શુદ્રોને હલકું સ્થાન આપનાર ભાગો રદ કરી શકાય એ માટે તેઓ શાસ્ત્રોનું પણ સંસ્કરણ થાય એમ ઈચ્છતા હતા. જેઓ સ્વંતત્ર્યની લડતમાં તેમની સાથે જેઓ જોડાતા તેમને તેઓ હંમેશા કહેતા કે હું કહું છું માટે કશું સ્વીકારી લેશો નહીં. પણ એકએક પ્રશ્નને બુદ્ધિની કસોટીએ ચડાવીને તપાસજો. તેઓ બીજા પર પોતાની ઈચ્છાઓ લાદતા નહીં. બલ્કે, તેઓ પોતાના અનુયાયીઓને પોતાની સામે બળવો કરવાનું અને પરિણામો દ્વારા તેને વ્યાજબી ઠેરવવાનું કહેતા અને જો તેમ થાય તો પોતે તેમનો નિર્ણય સ્વીકારી લેતા.

સત્યને વળગી રહેવું અને નીતિના નિયમોને સર્વોપરી ગણવા એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક હતા. વચન પાળવું અને માથે લીધેલું કામ પાર ઉતારવું એ જો આધુનિકતાનનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક હતા. જો અંગત અને પોતે રહેતા હોય તે સ્થાનોની સ્વચ્છતા જાળવવી એ જો આધુનિકતાનાં લક્ષણો હોય તો ગાંધીજી આધુનિક હતા. જો શરીરશ્રમનું ગૌરવ કરવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિકતાનું લક્ષણ હોય, જેઓ આપણા કરતા જુદો અભિપ્રાય ધરાવતા હોય અથવા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સ્વસ્થપણે વર્તવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, જો દરજ્જાનો, સંપત્તિનો કે સત્તાનો ખ્યાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, જો માનવ આવેગો જ્યારે ભડભડતા હોય ત્યારે તટસ્થ રહેવું એ આધુનિકતાનું લક્ષણ હોય, અને સૌથી વિશેષ તો એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક હતા.

પણ જો આહારવિહાર અને પોશાક વગેરમાં પશ્ચિમની પદ્ધતિનો સ્વીકાર કરવો એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક નહોતા. જો મદ્યપાન, ધ્રૂમપાન અને ચા-કોફીનો ઉપયોગ આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક નહોતા. જો ફેશનેબલ અને મોંઘી હોટેલોમાં રહેવું અને રેસ્ટોરામાં ભોજન લેવું અને વિલાસના ધામો અને નાઈટકલબોમાં જવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય તો ગાંધીજી આધુનિક નહોતા. જો કૂથલી કરવામાં અને નકામાં તડાકા મારવામાં સમય બગાડવો એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક નહોતા.

('જીવન અને વિચાર'માંથી ટૂંકાવીને - જે. બી. કૃપલાની)

## સંવાદ

# ૧. ગાંધીજી

ડૉ. અરૂણ દવે

વીસમી સદીના અંતે વિશ્વભરના સર્વેમાં સદીના મહાન વ્યક્તિ તરીકે વિશ્વભરનાં લોકોએ ગાંધીજીને મહાન વ્યક્તિ ગણાવ્યા. આજે ૧૫૦ વર્ષ પહેલા જન્મેલા આ વ્યક્તિ પાછળ વિશ્વ તેમનાથી અપાય તેટલો મહત્તમ આદર આપવા પ્રયત્નશીલ છે. તેના વ્યક્તિત્વની કમાલ એ છે કે કોઈ પણ ક્ષેત્રના લોકોને એ પોતાના લાગે છે! દરેક રાજકીય પક્ષ પણ તેનો ચૂંટણી-પ્રચારમાં મહત્તમ લાભ લેવા અનેકવિધ પ્રયત્ન કરે છે. અરે, ગાંધી તો ઠીક તેના ચશ્મા, લાકડી, ઘડિયાળ, ચપ્પલ વગેરેનો પણ ભરપૂર ઉપયોગ કરીને તેઓ ગાંધીપ્રેમી છે તેવું ઠસાવવા આધુનિક ઈલેક્ટ્રોનિક્સના ઉપકરણો સહિતના સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે!

હકીકતે ગાંધીજી મોહનમાંથી મહાત્મા બન્યા એ પ્રક્રિયા આપણા સૌ સામાન્ય લોકો માટે પ્રેરણાત્મક લગડી સમાન છે. આ પ્રક્રિયામાંથી સૌ કોઈ પસાર થાય છે, થવું પડે છે પણ પસાર થયા પછી કોઈ ફેર પડતો નથી!! અહીં કાંઈક 'કેમિકલ લોચા' જણાય છે. ગાંધીજીને મોહનમાંથી મહાત્મા બનાવનાર કોઈ એક માત્ર સબળ પરિબળ હોય તો તે છે તેમનું અઘોળ આચરણ. અસંખ્ય વિશેષણો ગાંધીજી માટે વપરાયા હોવા છતાં તેમણે પોતાની ઓળખ જે આપી છે તે જ સર્વશ્રેષ્ઠ છે. તેઓએ વારંવાર જણાવ્યું છે કે હું એક સામાન્ય માણસ છું, નવું કશું નથી જાણતો પણ હા, હું એક સત્યાગ્રહી છું. વાત સાવ સાચી જ છે. આ તેમની નમ્રતા, ઉદારતા કે કોઈ દેખાડો નથી. આપણે સૌ ગાંધીજી જેટલા જ અથવા તો ત્યાં સુધી કહી શકાય કે કેટલાક તો તેમનાથી પણ વધારે હોંશિયાર અને અભ્યાસુ કે વિદ્વાન છે. લાખેણો પ્રશ્ન એ છે કે આપણે જે જાણીએ-સમજીએ છીએ તે પ્રમાણેના વાણી, વર્તન, વ્યવહારથી જીવી શકતા નથી! સત્ય અને અહિંસાથી લઈને તેમના સૂચવેલા અગિયાર વ્રતો જુદી જુદી રીતે વર્ષોથી અનેક ધર્મગ્રંથોથી લઈને સાધકો દ્વારા લખાયેલા-સૂચવાયેલા છે. 'મહાત્મા'ની દોડમાં આ ડોસો મનુષ્યત્વને ઉજાગર કરતા આ વ્રતોનો અમલ કરીને આગળ નીકળી જઈને મેદાન મારી ગયો છે. આ રેકોર્ડ હજુ કોઈ તોડી શક્યું નથી! આટલી ઓછી 'ઓવર'માં આટલો મોટો 'સ્કોર' ખડકી દેનારો કોઈ છેલ્લા ૧૫૦ વર્ષોમાં જન્મ્યો ન હોવાથી આ મોહન મૂછે વળ દઈને લીંબુ લટકાવીને બોખા હાસ્યથી આપણને તેનો રેકોર્ડ તોડવા ઉશ્કેરી રહ્યો છે! આપણે આપણી મર્યાદા જાણતાં હોવાથી જાણી જોઈને

રેકોર્ડ તોડવો નથી, આપણે તો તેની નજીક પણ જવું નથી. એટલે તેને આંટી પહેરાવીને આંટી દેવાનું સરળ-સહેલું આચરણ કરવામાં જ વ્યસ્ત રહીએ છીએ.

ગાંધી સાહિત્યના પ્રચાર, પ્રસાર, વ્યાખ્યાનો, મૂર્તિઓ કે તેના રેંટિયા સહિતના અસંખ્ય પ્રતીકો વેંચીને તો આ શક્ય નથી જ બનવાનું. ખાદી પહેરવા કે પહેરાવવાથી પણ શક્ય નથી જ બનવાનું. ગ્રામોદ્યોગ કે રચનાત્મક કામો જેવા સરકારની સબસીડીથી ચલાવાતા બાહ્યાચારના અમલથી પણ શક્ય નથી રહેવાનું. અહીં તો જરૂર છે ૫૬ ઈંચની આચરણ કરાવતી છાતીની.

ગાંધીજીએ એટલા બધા પોસ્ટકાર્ડ લખવાથી લઈને ઉપવાસ સુધીના કાર્યક્રમો આપ્યા છે કે સૌ કોઈને તેમાંથી કોઈને કોઈ કાર્યક્રમ કે વિધાન પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટેના કાર્યક્રમમાં ફીટ બેસાડી દઈ શકાય. સૌ કોઈને 'ગાંધી માર્ગે' સત્યાગ્રહ કરવો છે પણ ગાંધી માર્ગ જ કોઈને જડ્યો જણાતો નથી!! પોતાના સ્વાર્થ માટેની માંગણીઓ સંતોષતો માર્ગ સૌને ગાંધીમાર્ગ જણાય છે! આ મસમોટા ગોટાળામાંથી શંકા જન્મે છે કે શું ગાંધી આજે પણ પ્રસ્તુત છે? શું ભવિષ્યમાં પણ પ્રસ્તુત રહેશે ખરો?

અરે ભલા માણસ આ પૃથ્વી જ્યાં સુધી ટકશે ત્યાં સુધી ગાંધી નહીં ગાંધીવિચાર પ્રસ્તુત જ રહેવાનો છે. જેમ ગુરુત્વાકર્ષણના નિયમથી લઈને અનેક આવા પ્રાકૃતિક નિયમો બ્રહ્માંડ અને સર્વાંશે પૃથ્વીના અસ્તિત્વ સુધી અમલમાં રહેવાના જ છે તેવું ગાંધીવિચારનું પણ છે. કારણ એટલું સ્પષ્ટ, નક્કર અને વૈજ્ઞાનિક છે તેમાં શંકા ઉઠાવવા જેવું કશું છે જ નહીં. ગાંધીજીના કોઈ કાર્યક્રમોને, અભિપ્રાયોને, નિર્ણયોને કે અભિવ્યક્તિને ધ્યાને લેવાના નથી. એ તો તે જે સમયની પરિસ્થિતિને આધીન બધું થયું હોય. પકડવાનું છે 'ગાંધીતત્ત્વ'. આ જો સમજાય જાય તો બધું સ્પષ્ટ જ છે, ઝળહળા છે.

ગાંધીજીના જીવનનું સાધ્ય સત્ય હતું અને સાધન અહિંસા હતી. આમ છતાં તેઓ બહુ મોટા આધ્યાત્મિક પુરૂષ હોવાથી તેમના વિકાસનું માધ્યમ તો અધ્યાત્મ જ રહ્યું છે. તેમના માટે અહિંસા અને સત્ય નામના બે કાંઠા વચ્ચે વહેતો મનુષ્યત્વસભર મૂલ્યનિષ્ઠ જીવનપ્રવાહ એ જ ખરું અધ્યાત્મ હતું. સત્યશોધન માટેની કોઈ પણ પ્રક્રિયા એ પ્રયોગ છે, પ્રક્રિયાનું સ્થળ એ પ્રયોગશાળા છે અને પ્રક્રિયા કરનાર એ વિજ્ઞાની છે. સત્યની ખોજ માટે માત્ર તર્ક એ સર્વસ્વ નથી. તર્ક ઉપરાંત બુદ્ધિ અને અનુભવનું પણ એટલું જ મહત્ત્વ છે. ધારદાર ચપ્પુનો ઉપયોગ કરનાર ઘવાયા વગર તો જ ચપ્પુ વાપરી શકે કે જ્યારે ચપ્પુને પકડવાનો હાથો હોય! તર્ક એ ધાર છે અને બુદ્ધિ એ હાથો છે. એવું જ અનુભવ-જાતતપાસનું છે. ઘોડાના કે સ્ત્રીઓના દાંત એરિસ્ટોટલ કહે તેટલા માની લેવા કરતાં જાતે ગણી લેવા જોઈએ. મુરબ્બામાં લાંબો સમય પડી રહેલો ચમચો સ્વાદ પારખી શકતો નથી પણ માત્ર એક ટીપું જીભ પર પડવાથી ક્ષણવારમાં સ્વાદ પારખી શકાય છે. વળી, આપણે તમામ પ્રકારનાં દૃશ્યો કે રંગો કે અવાજો જોઈ-

સાંભળી શકતા નથી એ આપણી મર્યાદા છે. આપણે જેવું જોઈએ છીએ તેવું જ ભૌતિક જગત નથી. એ તો આપણા મર્યાદિત અનુભવનું કે પ્રતીતિનું જગત છે! ભૌતિક જગતનું સત્ય તો જુદું જ છે. આમ વ્યક્ત અને અવ્યક્ત જગતને પેલે પાર ખરું સત્ય અડીખમ ઊભું છે. તેને જોવા, સમજવા, અનુભવવા અને પામવા માટેની ક્ષમતા આપણે અભૌતિક જગત પાસેથી મેળવવી પડે. આમ ભૌતિક અને અભૌતિક જગત એમ બંનેને જ્યારે સમજી શકીએ ત્યારે જ જે તે ક્ષેત્રના સત્યને પામી શકાય છે. આ માટે ધીરજ, અવલોકન, અનુભવ, અભ્યાસ અને શ્રદ્ધા અનિવાર્ય છે.

સાધ્ય નક્કી થાય તો તેને યોગ્ય સાધનની પસંદગી થઈ શકે અને પછી પ્રક્રિયા પાકી થાય. ગાંધીજીના શબ્દોમાં જોઈએ તો 'સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. સત્યના શોધકે રજકણથી પણ નીચે રહેવું પડે છે.' વળી, કોઈ પણ હેતુ એટલો ઉચ્ચ હોતો નથી કે તેને પાર પાડવામાં અયોગ્ય સાધનો કે પદ્ધતિને વ્યાજબી ઠેરવી શકાય. ક્યારેક હિંસાએ ઝડપી પરિણામ આપ્યું હશે પણ તે ક્યારેય પોતાને સર્જનાત્મક સાબિત કરી શકી નથી. આજે આપણે માનવીય કૌશલ્યરૂપી સાધન અને માનવીય મૂર્ખાઈરૂપી સાધ્ય વચ્ચે જીવી રહ્યા છીએ. સાધ્ય નિર્ધારિત કરવામાં જ જો ખામી રહી જાય તો સ્વાભાવિક રીતે જ સાધનો પણ ખોટાં પસંદ થશે ને પરિણામ અનિષ્ટમાં જ આવશે. મૂર્ખાઈની સાથે જો જ્ઞાન અને શક્તિ ભળી જશે તો માનવજાત બચી શકશે નહીં. તર્કસંગત વિચાર અને સંવેદનાસભર ભાવનાના સમન્વયમાંથી જ વિવેકબુદ્ધિ જન્મે છે. વિચાર અને ભાવનાને અલગ પાડીએ છીએ ત્યારે વિચાર વિકૃત બનીને બૌદ્ધિક પ્રવૃત્તિમાં અને ભાવના વિકૃત બનીને લાગણીવેડામાં પરિણમે છે. બુદ્ધિનું હૃદયને સમર્પિત થવું એ સાચું લક્ષ્ય છે.

ગાંધીજીએ પોતે જ લખ્યું છે કે 'હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. હું સત્યનો શોધક છું.' ખરા અર્થમાં તો સત્ય = પ્રકૃતિ = વિજ્ઞાન = પરમેશ્વર છે તેમ સમજવું, માનવું અને આચરવું એ વધારે ડહાપણ ભરેલું છે.

આમ, આ સત્યશોધક હોવાને કારણે ભવોભવ પ્રસ્તુત જ રહેશે. જેમ અસંખ્ય વૈજ્ઞાનિકોએ શોધેલા નિયમો શાશ્વત છે તેમ માનવજીવન ક્ષેત્રમાં કરેલા આ વૈજ્ઞાનિક મોહનના નિયમો શાશ્વત જ રહેવાના કારણ કે એ જીવનનું સત્ય છે.

કોઈ પણ ક્ષેત્રમાં અંતે તો જે તે ક્ષેત્રનું સત્ય જ ટકે છે. બાકી બધું ખરી પડે છે તેમ મનુષ્યજીવનનું સત્ય શોધી આપનાર મોહનભાઈનું સત્વ-તત્ત્વ અમરત્વને પામી ચૂક્યું હોવાથી કદી નાશ તો નહીં પણ જૂનું પણ થવાતું નથી તેમાં કોઈને શંકા રહેવી જોઈએ નહીં.

# ૨. ગાંધીજીના અગિયાર મહાવ્રતોની પ્રાસંગિકતા - અગિયારમાંથી સાત

**ભૂષિત જોષીપુરા**

એક વાર બિરબલને મૂર્ખ માણસ ગોતવાનો અકબરે આદેશ આપ્યો. બિરબલે રાતે જોયું કે એક માણસ ચંદ્રના અજવાળામાં કશું ગોતી રહ્યો હતો. એને પૂછતા ખબર પડી કે એ એની વીંટી ખોવાઈ ગઈ હતી. બિરબલે ગોતાવવા માટે પૂછ્યું કે ‘‘ભાઈ, વીંટી ક્યાં ખોવાઈ હતી?’’ પેલો કહે, ‘‘ઘરમાં’’. બિરબલ કહે,‘‘તો બહાર કેમ ગોતે છે?’’ પેલો કહે,‘‘મૂરખા, ઘરમાં અંધારું છે. બહાર અજવાળું છે. ખોવાયેલી વસ્તુ અંધારામાં શોધી શકાય ખરી?’’ - બિરબલને જરૂરી માણસ મળી ગયો.

ગાંધીજીની આજના સમયે પ્રાસંગિકતા ગોતવી એ આવી રીતે અજવાળામાં વીંટી ગોતવા જેવું કામ છે. ભૂતકાળમાં જઈ નથી શકાતું - એ અંધારું છે. ગાંધી જેવી જણસ ભૂતકાળમાં ખોવાઈ છે. એને આજના અજવાળામાં ગોતવા બેઠા છીએ.

છતાં

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય અને જાતમહેનત, કોઈ અડે ન અભડાવું. અભય, સ્વદેશી, સ્વાદત્યાગ અને સર્વ ધર્મ સરખા ગણવા. એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવાં.

આપણે ગાંધીજીને આ અગિયાર મહાવ્રત પૂરતા મર્યાદિત ગણીને ચાલીએ તો …

સત્યનિષ્ઠાની બાબતે ગાંધીજી દરેક સમયે પ્રાસંગિક રહેશે. એના પાયામાં ગાંધીજીની મહત્તા નથી, સત્યની છે.

અહિંસાના મૂળ સાચાં છે પણ અહિંસા ક્યારેય પૂર્ણતઃ પ્રાસંગિક હતી જ નહીં. પ્રત્યક્ષ પ્રમાણમાં જોઈએ તો ૧૯૪૭માં સ્વયં ગાંધીજીની દ્વારા અહિંસા વિભાજનના રક્તપાતને નહોતી રોકી શકી. અહિંસા ૧૯૬૩માં ચીન સામે પણ હારી ગઈ હતી. આમ અહિંસા માત્ર એ સિદ્ધાંત પ્રત્યક્ષ પ્રમાણે, પ્રતિ ઉદાહરણે નિષ્ફળ સાબિત થાય છે. છવ્વીસ નવેમ્બરે તાજ હોટેલમાં નિઃશસ્ત્રો પર કોકેન અને ધર્મના નશામાં મશીનગનો ચલાવતા કસાબ અને એના સાથીદારો સામે અહિંસા કામ આવી હોત ખરી? Non-violence is a great strategy but not always a good tact. અહિંસાનું ઝનૂન મૂકીને જોઈએ તો અહિંસાની મર્યાદા હસ્તામલકવત દેખાશે.

અસ્તેય ટકે તેમ છે. આજે ભારત કોઈની Intellectual Property પડાવી લેવા નથી માગતું માટે ભારતમાં માહિતીક્રાંતિની કંપનીઓ બેધડક ઓફિસો ખોલે છે. આપણા ‘સફળ’ પાડોશીઓની એવી દાનત નથી અને એમને માહિતીક્રાંતિમાં બહુ બરકત પણ નથી એ સુવિદિત છે.

આપણે ૧૯૯૧માં આર્થિક નીતિમાંથી અપરિગ્રહને તિલાંજલિ આપી ઉપભોક્તાવાદ અપનાવવો પડ્યો. આથી અપરિગ્રહનું અર્થતંત્ર પ્રત્યક્ષ પ્રમાણે, પ્રતિ ઉદાહરણે ખોટું સાબિત થઈ ચૂક્યું છે. છતાં અપરિગ્રહનું અહિંસા જેવું છે -કામ આવ્યા કરે છે. ટોયોટાનું Just in Time (JIT) મેનેજમેન્ટ એ અપરિગ્રહ પર જ આધારિત છે. સામાજિક જીવનમાં અપરિગ્રહનું વ્યાપક રૂપ આપતાં પહેલાં સામાજિક સુરક્ષા અને કલ્યાણને બહુ સુદૃઢ કરવાં પડે તેમ છે.

શરીર અને મનના વૈજ્ઞાનિક સંશોધનોએ કામકેન્દ્રિત બ્રહ્મચર્યને બારીની બહાર ફેંકી દીધું છે. આ બાબતે (બીજા ઘણાની સાથે) ગાંધી ખોટા સાબિત થઈ ચૂક્યા છે. હા, બ્રહ્મચર્યનો અર્થ ઈન્દ્રિયનિગ્રહ કરીએ, તો બ્રહ્મચર્ય આજે પણ ઉત્તમ વ્રત છે અને ભવિષ્યમાં પણ રહેશે. (આ વાંચતા સેલફોન બાજુએ મૂકો તો સારું! એટલું બ્રહ્મચર્ય ખોટું નહીં.)

જાતમહેનતના બે ભાગ - શારીરિક શ્રમ અને સ્વાશ્રય.

શારીરિક શ્રમ ઘસાતો જાય છે એ ખરાબ છે તેવું માનનારાએ પગે ચાલતા મારા ઘરે બેંગલૂરુ આવી મારી સાથે દલીલો કરી જોવા વિનંતી. શારીરિક શ્રમની શારીરિક જરૂર ઘટી નથી. આથી વચ્ચે ગાંધી ભૂલાઈ ગયેલા તે પેઢી ડાયાબિટીસ ભોગવી રહી છે અને નવી પેઢીએ જીમ ચાલુ કર્યા છે. શારીરિક શ્રમને મહત્ત્વ આપવું સારું છે અને મેડિકલ સાયન્સ આપણને એ દિશામાં એળે નહીં તો બેળે લઈ જ જવાનું છે.

સ્વાશ્રયની બાબતે મારા ખ્યાલ પ્રમાણે મહાત્માએ પોતે જ ગંભીરતાથી નહોતું વિચાર્યું. બધા કાર ચલાવવા મંડ્યા તો કેટલો ટ્રાફિક જામ થાય છે? ભારતમાં આર્થિક નીતિની રીતે સ્વાશ્રય પરવડે ખરો? પશ્ચિમમાં Do it Yourself (DIY) ચાલે છે તે ભારતમાં લઈ અવાય? ઘરનાં કામ બધાં હાથે કરે તો પાંચ કરોડ કામવાળીઓના રોજગારનું શું થશે?

અસ્પૃશ્યતાની બાબતે ગાંધીજી સાચા જ હતા. મોટા ભાગના ભારતમાં આજે આભડછેટ જતી રહી છે અને ઘસાતી જાય છે. બની શકે કે આવતા દાયકામાં અસ્પૃશ્યતાનો મુદ્દો પોતે જ અપ્રાસંગિક બની જશે.

અભયનું સત્ય જેવું છે. એ સદાકાળનું મૂલ્ય છે અને ગાંધીજી એમાંથી પસાર થયા છે - આપણે પણ પસાર થવા લાયક છે.

સ્વદેશીના મુદ્દે ગાંધીજી બ્રહ્મચર્યના મુદ્દા જેટલા જ ખોટા સાબિત થયા છે. ઈન્ટરનેટે દેશની જ સંકલ્પના ભાંગવા માંડી છે. બિટકોઈને વધુ ભાંગી છે. ગ્લોબલાઈઝેશન જગતનું સત્ય છે. એણે ભારત અને ચીનના કરોડો ગરીબોને ગરીબી રેખાથી ઉપર ધકેલવામાં બહુ મોટો ભાગ ભજવ્યો છે અને યુદ્ધોની શક્યતાઓ પણ ઘટાડી નાખી છે. પરાધીનતાનો ઉકેલ ગાંધીજીએ સ્વાધીનતામાં ગોત્યો - અને એ ખોટા હતા. પરાધીનતાનો ઉકેલ પરસ્પરાધીનતામાં છે એ સાબિત થઈ ચૂક્યું છે.

સ્વાદત્યાગ એ ગતકડું છે. સ્વાદત્યાગ કરનારા બેસૂરું સંગીત સાંભળવા તૈયાર નથી થતા. હિંસાત્મક દૃશ્યો જોવા તૈયાર નથી થતા. દુર્ગંધમાં રહેવા તૈયાર નથી - તો જીભે

શો ગુનો કર્યો છે ભાઈ? रसो वै सः- ઈશ્વર રસ સ્વરૂપ છે. હા, અત્યાહાર, નિરાહાર, વિરુદ્ધાહાર, માંસાહાર, વ્યસન વગેરે સામે તકલીફ હોઈ શકે પણ સ્વાદ સામે પણ દુશ્મની ખોટી હતી, છે અને રહેશે. વર્તમાન સમાજ માત્ર ત્યાગ ખાતર સ્વાદત્યાગને નથી માનતો એ ઘટતા જતા દંભની નિશાની છે અને એ સારી વાત છે.

સર્વધર્મસમભાવ બહુ મોટી કવિકલ્પના છે. અહીં ધર્મનો અર્થ 'સંપ્રદાય' કરવાનો છે, धारयति इति धर्मः એ વ્યાખ્યા નથી કરવાની. આ સિદ્ધાંત subjectively બરાબર છે પણ objectively આધારભૂત નથી. ગાંધીજીના જીવતેજીવ પાકિસ્તાને પોતાની ભૂમિ પરથી બિનમુસ્લિમોનું જડાંબિટ કાઢી નાખતાં ગાંધીજીનો આ સિદ્ધાંત રોકી ન શક્યો. આથી પ્રત્યક્ષ પ્રમાણે, પ્રતિઉદાહરણે, આ આત્મઘાતી સિદ્ધાંત ટકી શકતો નથી. Those who are not with us are against us એવું માનનારાના આ જગતમાં આ કવિકલ્પના ક્યારેય ચાલે તેમ હતી જ નહીં. ખરી જરૂર જે તે સમયે ઉન્મત્ત થયેલા કોઈ પણ સંપ્રદાયને કાબૂમાં લાવનાર કડક તંત્રની હોય છે, સમભાવની નહીં. ઉપરાંત, ગાંધીજી બધા સંપ્રદાયોને માન આપવાની વાત કરતા હતા. મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરનારાને અને બૂતપરસ્તીને કુફ્ર ગણીને મૃત્યુદંડ આપવાનો ફતવો આપનારાને - બંનેને સન્માનવા એ દંભ, ભોળપણ, મૂર્ખતા કે ગાંડપણ છે.

બધા સંપ્રદાયો એકસરખો બકવાસ છે એમ માનો તો આ સમભાવ કેળવવો સહેલો છે. તમે મૂર્તિપૂજકો અને મૂર્તિભંજકો બંનેને અપરિપકવ ગણી એમને સન્માન આપી 'સાચવી લો' એ વાત શક્ય છે. કોન્સન્ટ્રેશન કેમ્પો કે ખ્મેર રુજ કે સિંજાર જેવી ઘટનાઓ બતાવે છે કે કોઈ પણ સંપ્રદાયને (કે સામ્યવાદને) જરા પણ વિશ્વાસની નજરે જોવાની ભૂલ ન કરવી જોઈએ. જો કે ગાંધીજી આ રીતે ઉપેક્ષા કે ઉપાલંભના સમભાવની વાત નહોતા કરતા.

આમ, અગિયાર મહાવ્રતમાંથી સત્ય, અસ્તેય, અભય અને આભડછેટનો વિરોધ તદ્દન પ્રાસંગિક છે. અહિંસા અને અપરિગ્રહ સારી strategy છે. બ્રહ્મચર્ય, જાતમહેનત, સ્વાદત્યાગ, સર્વધર્મસમભાવ અડધા પ્રાસંગિક છે અને સ્વદેશી બિનપાયેદાર સાબિત થઈ ચૂક્યું છે. કુલ ૧૧માંથી ૭ મહાવ્રતરૂપે ગાંધીજી ૬૪% પ્રાસંગિક છે. અભરામને દાવે હિસાબ ગણીને હાથમાં.

તા.ક. : ગાંધીજીનો વધુ એક સિદ્ધાંત સાધનશુદ્ધિનો છે. એ બાબતે એમનું માનવાનું હતું કે કદી અશુદ્ધ સાધનોમાંથી કશું ઉપકારક બની ન શકે. ગાંધીજી ત્યાં તથ્યની રીતે ખોટા હતા. જે આગગાડી ગાંધીજીને લઈને ફરી તેના સંશોધનના નાણાં સ્ટીવન્સનને ગુલામોના વેપારીઓએ ધીરેલા. આથી પ્રત્યક્ષ પ્રમાણે, વિરોધાભાસે આ સિદ્ધાંત મૂળમાંથી ખોટો સાબિત થાય છે.

---

**ખાસ નોંધ**

**તમે મંગાવેલ પુસ્તકો અથવા અંક ન મળ્યાની ફરિયાદનું નિવારણ અઠવાડિયામાં બે દિવસ થાય છે. આથી એટલો સમય ગણીને ચાલવું.**

## ૩. ગાંધીને પ્રસ્તુત એવા થવાની આપણી ખેવના છે ખરી?

**મનસુખ સલ્લા**

ગાંધીવિચાર ગાંધીજીવનમાંથી જન્મેલા છે. ગાંધીજીએ દરેક વિચારને જીવનયજ્ઞમાં તાવ્યો, તપાવ્યો, શુદ્ધ કર્યો છે. છતાં તેઓ નમ્ર છે એટલે કહે છે કે 'મારો છેલ્લો વિચાર સાચો ગણવો.' ગાંધીજી પણ ક્રમશઃ વિકસતા ગયા છે. જીવનનાં પાયાનાં તત્ત્વો વિશેની એમની શ્રદ્ધા ઘણી વહેલી દૃઢ થયેલી છે. પરંતુ એને વ્યાપક ભૂમિકા પર લાગુ કરતાં અણજાણ બાજુઓ સામે આવતાં તેમણે પોતાને મઠાર્યા છે પણ ખરા. છેક જીવનના લગભગ અંતિમ તબક્કે તેમણે નોઆખલીમાં કામવિજયના પ્રયોગો કર્યા હતા. એટલે ગાંધીજીનું જીવન પ્રયોગનું જીવન છે.

આજે એ લગભગ ફેશન થઈ ગઈ છે કે 'ગાંધીજી આજે પ્રસ્તુત છે ખરા?' એવું ચર્ચવું. એવી ચર્ચા નિરભ્રબુદ્ધિથી, વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ, નહિ કે કેવળ બુદ્ધિવિલાસ માટે. પરંતુ આજે બુદ્ધિવિલાસ માટે વધુ થાય છે.

ગાંધીજી પ્રત્યેક ક્ષણે પોતાને તપાસતા. એવી જાગૃતિ છેક સુધી તેમણે રાખી હતી. એટલે પછીની પેઢીના લોકો એમને તપાસે એ ગાંધીજીને પણ ગમે. પરંતુ ગાંધીજીની તપાસ (એટલે કે જીવન અને વિચારોની) કરવાનો અધિકાર ત્યારે વ્યાજબી ગણાય કે એ માર્ગે ચાલવાનો આપણો પ્રયત્ન હોય. વ્યક્તિગત મર્યાદાને કારણે બધુ આચરણમાં ન મૂકી શકાય એવું બને. પરંતુ ગાંધીવિચારથી વિરોધી જીવીને તો ગાંધીજીને નહિ સમજી શકાય. એટલે આ એવા મહાત્મા છે જેમાં જીવનનિરપેક્ષ વિચારવાનું મહત્ત્વ મર્યાદિત છે. દારૂ પીતાં પીતાં ગાંધીવિચારની ચર્ચા કરી શકાય. પણ ચિત્તની પ્રત્યેક પળની સાવધતાની ગાંધીજીની વાત સાથે એનો મેળ નહિ બેસે.

વીસમી સદીને અંતે આખી સદીના સૌથી મહાન વ્યક્તિ તરીકે ગાંધીજીનો સ્વીકાર થયો એ આકસ્મિક નથી. તેમણે વિચારોને જીવી બતાવ્યા માટે તેઓ મહાત્મા છે.

ગાંધીજીની મુખ્ય વિશેષતા જ જીવનને સમગ્ર રીતે જોવું, સ્વીકારવું અને આચરવું એ છે. આ દૃષ્ટિ હોય તો અહિંસા અને સત્યની વાત કરીએ અને એટમ બોંબ બને તો ફૂલાઈએ એનો વિરોધાભાસ સ્પષ્ટ થાય. આપણ સૌની મુશ્કેલી એ છે કે આપણે ગાંધીમાર્ગે ચાલી શકવાનો પ્રયત્ન કરતાં નથી. એ કઠણ લાગે છે એટલે પછી ગાંધીમાર્ગને અપ્રસ્તુત ગણાવીને ભૂલી જવાનો પ્રયત્ન કરીએ છીએ.

ગાંધીજીના કાર્યક્રમો-પ્રવૃત્તિઓ યુગાનુસાર નવાં નવાં રૂપ લઈ શકે એ જ સહજ ગણાય. એક વિશાળ દેશ આટલી ગંદકી સહજ ગણતો હોય તો ગાંધીજી સફાઈનું મહત્ત્વ દર્શાવે એ સહજ છે. એનું પ્રતીક સાવરણો બને. પરંતુ ગાંધીજી ત્યાં અટક્યા નથી, આંતરિક શુચિતા સુધી પહોંચ્યા છે, એ યાદ રાખવા જેવું છે.

ગાંધીજીએ વ્રતવિચાર ઉપર આટલો ભાર આપ્યો, વ્રતોમાં દેશાનુકૂળ નવાં વ્રતો ઉમેર્યાં. જો અહિંસક સમાજનું નિર્માણ કરવું હોય તો આ વ્રતો વિના ચાલશે નહિ. આ વ્રતોમાં વ્યક્તિનું ઊર્ધ્વીકરણ અને રાષ્ટ્રનું પુનઃનિર્માણનું દર્શન રહેલું છે. અસ્પૃશ્યતાનિવારણને વ્રતરૂપે સ્વીકારનારા ગાંધીજી પહેલા રાષ્ટ્રપુરુષ છે. એ વ્રતને પ્રજાએ, રાજનેતાઓએ અને ખુદ દલિતોએ સ્વાર્થનું સાધન બનાવી દીધું છે, એટલે એની વિકૃતિઓ અનુભવાય છે. એમાં વાંક ગાંધીજીનો નથી.

ગાંધીમાર્ગે ચાલવું, એવું જીવવા કોશિશ કરવી એ કેવળ વ્યક્તિગત મામલો છે. એમાં બીજા સામે આંગળી ચીંધવાનો અર્થ નથી.

ગાંધીજી સામે રાષ્ટ્ર અને સમષ્ટિ બંને હતા. એટલે તેઓ બંનેનો સાથે વિચાર કરતા. પર્યાવરણના તીવ્ર થતા પ્રશ્નો આપણી આંખ ખોલશે કે આવી રીતે તો ઉપભોગ પ્રધાન જીવન નહિ જીવી શકાય ત્યારે ગાંધીજી વધુ સમજાશે. 'નાનું તે સુંદર' ત્યારે સમજાશે.

ગાંધીજીની એક વાત કદી જૂની નહિ થાય - તે વિકેન્દ્રિકરણની. માત્ર વ્યવસ્થાનું જ નહિ, સર્વ પ્રકારનું વિકેન્દ્રિકરણ. સત્તા, સંપત્તિ, વ્યવસ્થા, નિર્ણય પ્રક્રિયા, ઉત્પાદન, વિતરણ-બધા પ્રકારનું વિકેન્દ્રિકરણ. તો હિંસા અને શોષણ ઘટે અને મટે. આજે કેન્દ્રીકરણનો ગમે તેટલો મહિમા થાય, પ્રચાર થાય, પણ એનાં જોખમો યુદ્ધ સુધી લઈ જનારાં છે. રાષ્ટ્ર ગરીબ-તવંગરનાં બે ફાડિયામાં વહેંચાઈ જાય તેવાં છે. આ ભૂલીને ગાંધીજીને સમજી નહિ શકાય.

હવે એ દેખાઈ રહ્યું છે કે દેશમાં યુવાવસ્તી અઢળક છે, (તેનું ગૌરવ પણ લેવાય છે) પણ તેમના હાથમાં કામ નહિ આપી શકાય તો કેવા ગંભીર પરિણામો આવશે તે જોવાતું નથી. પરંતુ ઘરમાં, શાળામાં, સમાજમાં આપણે જાતમહેનત-પરિશ્રમનું ગૌરવ કર્યું જ નથી. સૌને બેઠાડું કામ જ જોઈએ છે. એટલે ગાંધીજીએ જાતમહેનતને વ્રતરૂપે સ્વીકારી. પરિશ્રમનું ગૌરવ તો નથી, ઊલટું શ્રમિક હલકો, ઉતરતો, ઓછું મેળનારો ગણાય છે. ગાંધીજીનું આ દર્શન ભારત માટે તો દિવ્યદર્શન છે.

આજે અર્થશાસ્ત્રીઓ વર્તારા કરી રહ્યા છે કે દાયકા પછી શહેરી વસ્તી ૬૦થી ૬૫% હશે. ગાંધીજીએ કહ્યું હતું કે, 'સૌને સ્થાનિક સ્વમાનપૂર્ણ રોજી મેળવી જોઈએ.' આમાં પ્રત્યેક શબ્દ મહત્ત્વનો છે. વસ્તીને શહેરમાં આવવું પડે કે લવાય એથી પ્રશ્નો નહિ ઉકલે. શહેરીકરણ અને તેની વિકૃતિઓ સામે આવશે ત્યારે અસહ્ય હશે.

આ માટે ગાંધીજીએ મનુષ્યની નવરચના દ્વારા રાષ્ટ્રની નવરચના કરવાનું તાક્યું હતું. એટલે તેમણે 'નઈ તાલીમ'નો વિચાર આપ્યો. ભારતને પોતાની છેલ્લી ઉત્તમ ભેટ ગણાવી. આપણને એ સ્વીકાર્ય બનતું નથી એટલે ભણેલા સ્વાર્થી લોકોની ફોજ તૈયાર કરી રહ્યા છીએ. કદાચ સૌથી વધુ ભ્રષ્ટાચાર શિક્ષણક્ષેત્રમાં છે. મનુષ્યનો સર્વાંગી વિકાસ (હૃદય, બુદ્ધિ અને કાર્યશક્તિ) ન થાય તો રાષ્ટ્ર પણ ખંડિત, એકાંગી રહે. આ આજે સ્વીકારીએ કે

દાયકા પછી સ્વીકારીએ, પણ ગાંધીજીનું આ દર્શન સ્વીકાર્યા વિના ભારતનો જયવારો નથી. અતિ મોટી વસ્તી અને ધર્મ નાત-જાત-વર્ણમાં વિભક્ત સમાજ એ વિના ઉત્થાન નહિ પામી શકે.

આપણે લેભાગુ, સ્વાર્થી, ટૂંકીદૃષ્ટિના રાજનેતાઓ દ્વારા વધારે દોરવાઈએ છીએ. એટલે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને પારાવાર નુકસાન કરનારી રચનાઓ સ્વીકારી લઈએ છીએ. ૧૯૩૫ પછી આ ઝેરનાં લક્ષણો વધુ છતાં થયાં. ધર્મને આધારે દેશના ભાગલા પડ્યા (૧૯૪૭) અને આજે તો ધર્મને નામે મોટા પ્રમાણમાં અધાર્મિક કાર્યો થઈ રહ્યા છે. એટલે ગાંધીજીએ સર્વધર્મસમભાવને વ્રતરૂપે સ્વીકાર્યો હતો.

ગાંધીપ્રેમી, ગાંધીના ચાહકની નાની પણ એવી કસોટી હોઈ શકે કે એ પોતાના જીવનમાં આમાંથી જેટલું બને તેટલું આચરણમાં મૂકે. આપણે કોઈના ન્યાયાધીશ ન બનીએ. સાથે જ આચાર-વિચારના વિરોધવાળું જીવનારાને પણ ઓળખીએ. ભલે તેઓ ગમે તેવા ઊંચા ગણાતા સ્થાન પર હોય.

દૃષ્ટિની સ્પષ્ટતા, વિચારનું સૂક્ષ્મ નિરીક્ષણ-પરીક્ષણ એ પણ ગાંધીવિચારનું પાયાનું તત્ત્વ છે. એટલે તો ગાંધીજી ભારતીય સમાજને કહી શક્યા કે 'અસ્પૃશ્યતા એ હિંદુધર્મનું કલંક છે.'

આચાર્ય ક્રિપલાણીજીએ ગાંધીજીના બાહ્યરૂપ, કાર્યક્રમોના બાહ્ય માળખાને સ્વીકારીને જીવનારાઓની ઓળખ 'ગાંધીજીની વિધવાઓ' તરીકે આપી હતી. આપણે એવા ન બનીએ.

વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અહિંસા જ કામયાબ નીવડશે. ગાંધીજીનું એ દર્શન હજુ સમજાયું નથી, એટલે સ્વીકારાયું નથી. અને વૈશ્વિક ભૂમિકા ઉપર જેઓ અગ્રણી ગણાય છે તેવા નેતાઓ અહંકાર અને સ્વાર્થ પ્રેર્યા જ વર્તી રહ્યા છે. નાના-મોટા થોડા અહિંસક પ્રયોગો થયા છે. પરંતુ અણુબોંબનો વૈશ્વિક ખડકલો જ દર્શાવે છે કે એ સર્વનાશનો માર્ગ છે. ત્યારે ગાંધીજીનું દર્શન વધુ સમજાશે. અહિંસક લડત, સત્યાગ્રહ, જાતે સહન કરીને વિરોધ કરવો એ તત્વોનું વ્યાપક ભૂમિકા ઉપરનું ખેડાણ હજી બાકી છે.

એટલે ગાંધીજી કેટલા પ્રસ્તુત છે એ પ્રશ્ન નથી. પરંતુ ગાંધીને પ્રસ્તુત એવા થવાની આપણી ખેવના કેટલી છે એ ખરો પ્રશ્ન છે.


ગયે મહિને તમને મળ્યું : **સેવા ડાયરી**
ડંકેશ ઓઝા કિંમત રૂ.૪૫/-
આવતે મહિને તમને મળશે : **અધ્યાત્મ - શું અને શા માટે**
લેખક : ભાણદેવ

# ૪. ગાંધીની પ્રસ્તુતતા

નિરંજન શાહ

દર વર્ષે બીજી ઓક્ટોબર આવે છે અને આપણે સૌ - હું, તમે અને સૌ ગાંધીજનો પણ કદાચ,- એકબીજાને પુછવા માંડીએ છીએ, બૌદ્ધિકોની ગલી ગલીમાં શોર મચી જાય છે, પત્રિકાઓ, સમાચાર પત્રો, ચેનલો, બધા કામે લાગી જાય છે શોધવાને કે : 'ગાંધી આજે પ્રસ્તુત છે ?' ! વળી આ વર્ષ તો એમના જન્મની સાર્ધ શતાબ્દીનું, એટલે આપણો કોલાહલ ઓર વધી જશે !. પણ કંઈ નહિ,...પેલા ફિલ્મી ગીતની જેમ, ચલો ઇસ બહાને ભી ખુદા યાદ આયા! પણ, વાત કંઈ સમજાતી નથી.

ભલા માણસ, આપણે ક્યારેય પૂછ્યું છે કે એકવીસમી સદીમાં સત્ય પ્રસ્તુત છે? અહિંસા પ્રસ્તુત છે ? પ્રેમ અને કરુણા પ્રસ્તુત છે ? ન્યાય પ્રસ્તુત છે ? ખુદ ગાંધીએ કહેલું કે આ બધા મૂલ્યો કંઈ મારી શોધ નથી, એ તો હિમાલય જેટલાં પુરાણાં છે. તો પછી ગાંધીની પ્રસ્તુતતાનો આ પ્રશ્ન આપણે છાશવારે પુછતા રહીએ છીએ એ શું સૂચવે છે? લાગે છે કે સવાલ ગાંધીની પ્રસ્તુતતાનો નથી, સવાલ આપણી પોતાની સમજણનો છે.

ગાંધીને જ્યાં સુધી આપણે કેવળ એક મહામાનવ તરીકે જ પીછાણીશું ત્યાં સુધી આવા પ્રશ્નો થવાના જ. કારણકે મહામાનવ પાસે આપણી અપેક્ષા હોય છે કે આપણા દુઃખદર્દ એ એક ચુટકીમાં મિટાવી દે, કંઈ નહિ તો, એવી કોઈ સચોટ ફોર્મ્યુલા આપે કે સમસ્યાઓ બહુ આસાનીથી હલ થઇ જાય. વળી એ ફોર્મ્યુલા સર્વકાલીન હોય એવી પણ આપણે આશા રાખીએ, કારણકે નહીં તો તો પાછી સદીઓ કે પેઢીઓ બદલાતાં એ જ સમસ્યાઓ ફરીથી ઊભરી આવે કે નવા જ સ્વરૂપે દેખા દે, અને આપણે પાછા હતા ત્યાંના ત્યાં ! હકીકતમાં કોઈ મહાપુરુષ પાસે આવી કોઈ જાદુઈ છડી કે "લાખ દુઃખોં કી એક દવા" હોતી જ નથી એ કદાચ આપણી સમજણની બહાર રહી જાય છે.

તો, શું હોય છે એમની પાસે આપણને આપવા માટે ?

વિજ્ઞાનનો વિદ્યાર્થી રહ્યો હોવાને કારણે એક દૃષ્ટાંત યાદ આવે છે. કોઈ વસ્તુને આકાશમાં ઊંચે ઉછાળવામાં આવે તો તે અમુક ઊંચાઈ પ્રાપ્ત કર્યા બાદ ફરી ધરતી પર પટકાય. ફેંકવા પાછળ જેટલું બળ વધારે, એટલી વધુ ઊંચાઈ તે પ્રાપ્ત કરે, પણ છેવટે ધરતી ઉપર. રોકેટ વિજ્ઞાનીઓએ જોયું કે રોકેટને ચંદ્ર ઉપર મોકલવું હોય તો ધક્કો એટલો જોઈએ કે તે પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી છૂટે. એટલે કે મોટામાં મોટો પડકાર આ ગુરુત્વાકર્ષણમાંથી છૂટવાનો છે.

ગાંધી કે એમના જેવા મહામાનવો આપણને કેવળ એટલું જ બતાવી જાય છે કે આમ આપણને બાંધી રાખતી બેડીઓને તોડવી શક્ય છે અને એ માટેની ઊર્જા કેવળ સ્વપ્રયત્ને

પણ મેળવી શકાય છે. ગાંધીની વિશિષ્ટતા જે કદાચ એમને સહસ્ત્રાબ્દિના મહામાનવ બનાવે છે તે એ કે એમણે એમના ગંતવ્યની શોધ કેવળ અને કેવળ સત્યનો દોર પકડીને આરંભી અને એને આમરણાંત વળગી રહ્યા. વળી, આ સત્ય એટલે આત્માનો અવાજ, એટલે ઈશ્વર- એવી સહેલી સટ, સહુને સમજાય તેવી વ્યાખ્યા પણ આપી દીધી. પછી તો એમની આસપાસ પણ જીવન હતું, એટલે સમસ્યાઓ હતી જ, આંતરિક, બાહ્ય, વ્યક્તિની, સમષ્ટિની, સ્થૂળ, સૂક્ષ્મ, બધા પ્રકારની. અને એમણે પોતાના જીવનને જ પ્રયોગશાળા બનાવી દીધું. આ પ્રયોગશાળા પણ કેવી! કોઈ ખાસ આવિષ્કાર માટેની નહિ, કોઈ નવી થીસીસ આપવાનું ધ્યેય નહિ! હા, સ્વતંત્રતા ગાંધી માટે ધ્યેય નહોતું, ગુલામી એમને માટે અસહ્ય હતી; બિનસાંપ્રદાયિકતા એમનું ધ્યેય નહોતું; સાંપ્રદાયિક વેરઝેર એમને માટે અસહ્ય હતાં; સમાનતા એમને મન કોઈ ધ્યેય નહોતું, ગરીબી અને શોષણ એમને માટે અસહ્ય હતાં. અને, આ અસહ્યતા સામે લાચારીથી જોયા કરવાનું એમના માંહ્યલાને મંજૂર નહોતું. બસ, એટલે...ચલ પડે, કોઈ વાદ કે ઢાંચો , કે નકશો કે ફીલસૂફીની પરવા કર્યા વગર ! એટલે જ કદાચ, એમના પ્રયોગોના વ્યાપે દુનિયાને આશ્ચર્યચકિત કરી દીધી. વ્યક્તિથી સમષ્ટિ સુધી - અપરિગ્રહથી અહિંસા સુધી, બ્રહ્મચર્યથી બુનિયાદી તાલીમ સુધી અને કુદરતી ઉપચારથી કુદરતની જાળવણી સુધી - આ પ્રયોગો વિસ્તર્યા.

હવે આવી વ્યક્તિની પ્રસ્તુતતા- કે અપ્રસ્તુતતા - નો બૌદ્ધિક વ્યાયામ આપણે ક્યાં સુધી કર્યા કરીશું? એકવીસમી સદીમાં મોં ફાડીને આપણી સામે ઊભેલા દરેક સવાલ - સાંપ્રદાયિકતા, આતંકવાદ, પર્યાવરણ હાનિ, ટેકનોલોજીનો ભરડો, અસમાનતા, શોષણ, ગરીબી અને આ બધામાંથી પરિણમતી અને પોષાતી માનવીની અમાનવીયતા- ને ગાંધીએ બહુ વહેલા, લગભગ ઓગણીસમી સદીના અંત ભાગમાં એમની વિચક્ષણ દૃષ્ટિથી જોયા હતા, એની ગંભીરતાને પીછાણી હતી, અને એની સામે આપણને ચેતવ્યા હતા એ "હિંદસ્વરાજ" અને બીજા લેખો દ્વારા આપણે જાણીએ છીએ. એમનું જીવન એમણે આ ઘોડાપૂર સામે પાળ બાંધવામાં હોમી દીધું એ પણ આપણે જાણીએ છીએ. આ બધા પ્રશ્નો, સમસ્યાઓ અને યાતનાઓનો હલ કેવળ અને કેવળ સત્ય-અહિંસાનાં મૂળ મૂલ્યો આધારિત જીવનશૈલીમાં જ રહેલો છે એવું આપણને સમજાવવાનો પ્રયત્ન પણ એમણે જીવનભર કેવળ વિચારથી નહિ, નક્કર આચરણથી કર્યો.

તો, હવે બોલ આપણા કોર્ટમાં છે! માંહ્યલાના અવાજને ડગલે ને પગલે થપથપાવીને ઊંઘાડી દેવાને બદલે, હાલાત અસહ્ય લાગવા માંડે એટલી હદ સુધી સંવેદનાને સંકોરીએ અને પછી, - પછી જ -આપણી સ્વતંત્ર બુદ્ધિશક્તિથી, તાર્કિક અભિગમથી, ગાંધીની શેહમાં જરાય તણાયા વિના વિચાર કરીએ કે ગાંધીએ સૂચવેલો એ સિવાય પણ બીજો કોઈ માર્ગ માનવજાત પાસે આ સમસ્યાઓના સમાધાન માટે છે ખરો? જવાબ નકારમાં આવે એવી શક્યતા બહુ મોટી છે ! અને તો પછી, કદાચ આ પ્રસ્તુતતા-અપ્રસ્તુતતાના 'કેમિકલ લોચા' (ઋણસ્વીકાર-મુન્નાભાઈ) સાફ થવા માંડશે.

# કવિતા



એક દીવો છાતી કાઢીને છડેચોક ઝળહળે,
તો એ અંધારાના સઘળા અંધકારને દળે.
દરેક ચીજને એ આપે સૌ સૌનું મૂળ સ્વરૂપ
આવું મોટું એ દાન કરે તો પણ એ રહેતો ચૂપ,
પોતાને ના કૈં જ અપેક્ષા અન્ય કાજ બસ બળે.
અંધકાર સામે લડવાની વિદ્યા ક્યાંથી મળી
કિયા ગુરૂની કૃપા થકી આ રીત તપસ્યા ફળી
હે દીવા, એ શાશ્વત પળ, તું પ્રકટે છે જે પળે.

**- રમેશ પારેખ**

**ગાંધીજયંતી તે દિને**



માર્ગમાં કંટક પડ્યા ...
સૌને નડ્યા;
બાજુ મૂક્યા ઊંચકી ...
તે દિ નક્કી જન્મ ગાંધી બાપુનો.
સત્યના અમોઘ મોંઘા જાદુનો ...
અન્યાય નીચી મૂંડીએ ના લીધી સાંખી;
દુર્ગંધ પર મૂઠી ભરી ધૂળ નાખી ...
ઉકરડા વાળી-ઉલેચી સૃજનનું ખાતર રચ્યું;
અબોલ ભંગાવવા - એ વાતમાં મનડું મચ્યું.
કંઈક આમનું બને ...
ગાંધીજ્યંતિ તે દિને.
મૂર્ખને લીધા નભાવી.
ધૂર્તને યોજ્યા જગતકલ્યાણના પથમાં પટાવી,
હૈયુ દીધું તે દીધું ...
પાછા વળી - ખમચાઈ ના કંઈ ગણતરીથી સાંકડું કીધું;
દૂભ્યાં દબાયાં કોઈનું એકાદ પણ આંસુ લૂછ્યું ...
દાખવ્યું ઘર મનુજ કેરા માંહ્યલાને વણપૂછ્યું.
હૃદય જો નાચી ઊઠ્યું અન્યના સાત્ત્વિક સુખે ...
હરખભર જો ઝંપલાવ્યું અદય ભીષણ જગતહિંસાના મુખે;
- તિથિ ના જોશો તે ટીપણે.

**ઉમાશંકર જોશી**

## વાતોનો નાતો



તારો ને મારો છે વાતોનો નાતો, ને તેમાં જ વીતે છે દિવસ ને રાતો.
જાણું છું ક્યાં યે નથી તું દેખાતો, ને તોયે કરું છું ઘેલી સહુ વાતો.
આ સામે જ જોઉં પંખીની આંખો,
ઝંખે જે ઊડવાને ફફડાવી પાંખો,
ને દેખાય ઝૂલતી કળીઓની ડાળી, ત્યાં આવી ચૂંટે કોઈ નિષ્ઠુર જાતો.
તારો ને મારો છે વાતોનો નાતો, ને તેમાં જ વીતે છે દિવસ ને રાતો.
નાદાન, નિર્દોષ ભૂલકાં મઝાના,
બોલી શકે ના, ને ઝૂંટવાય છાંયા,
કરમ ધરમના સૌ મર્મ ભૂલાયા, ને બદલાતા રંગો અહીં રાતરાતો.
તારો ને મારો છે વાતોનો નાતો, ને તેમાં જ વીતે છે દિવસ ને રાતો.
એય ... શું ખરેખર તું છે? કે દિલની જ શ્રદ્ધા?
તો થંભે કાં અમથા આમ હોડી-હલેસા?
થશે વાનાં સારા, કહી તું મલકાતો, એમ આશાનો દોર એક દઈને છુપાતો..
તારો ને મારો છે વાતોનો નાતો, ને તેમાં જ વીતે છે દિવસ ને રાતો.

**- દેવિકા રાહુલ ધ્રુવ**



આજકાલ જીવન થોડું અજીબ લાગે છે,
મને મારા જ પડછાયાની બીક લાગે છે,
એકલતાનાં અવાજમાં ગમગીની લાગે છે,
સૂરજની રોશનીમાં પણ કંઈક કમી લાગે છે,
કોઈ ભારથી નમેલી રહે છે આ પાંપણો,
હરપળ આંખોમાં બસ નમી લાગે છે,
જીવન જીવી લીધું કે જીવ્યું જ નથી, એ સમજાતું જ નથી,
સાચું કહું તો હવે મને જીવવાની પણ બીક લાગે છે,
કાશ કોઈ મારા આંસુઓને પોતાની આંખોમાં ભરી લે,
મને મારા જ આંસુઓમાં ડૂબી જવાની બીક લાગે છે,
રસ્તો જડતો જ નથી બહુ મથું છું શોધવા એને,
લક્ષ્ય પર પહોંચીને હવે ખોવાઈ જવાની બીક લાગે છે,
મને મારા જ પડછાયાંની હવે બીક લાગે છે ....
મને મારા જ આંસુઓમાં ડૂબી જવાની બીક લાગે છે ...

**- ઋત્વા**

# ૫. આઈ વૉન્ટ ફ્રીડમ ફૉર ધ ફૂલ એક્સપ્રેશન ઑફ માય પર્સનાલિટી : મહાત્મા ગાંધી

**સોનલ પરીખ**

ચાર સદી પહેલાં ફ્રેન્ચ લેખક, ઈતિહાસકાર અને ચિંતક વૉલ્ટરે કેથલિક ચર્ચના પ્રભુત્વ સામે અભિવ્યક્તિસ્વાતંત્ર્ય માટે અવાજ ઉઠાવ્યો અને તે કાળના કડક પ્રતિબંધો વચ્ચે પણ નિર્ભયપણે લખ્યું. તેનું પ્રસિદ્ધ વાક્ય છે, 'તમે જે કહો છો તેની સાથે હું સંમત ન થાઉં, પણ તે કહેવાના તમારા અધિકાર માટે હું છેક સુધી લડું.' ૧૯૧૯માં એક જંગી સભાને સંબોધતા મહાત્મા ગાંધીને ગુલામ ભારતના તમામ પ્રજાજનો વતી કહ્યું હતું કે 'આઈ વૉન્ટ ફ્રીડમ ફૉર ધ ફૂલ એક્સપ્રેશન ઑફ માય પર્સનાલિટી'. મહાત્મા ગાંધી 'પ્રસ્તુત' છે કે 'અપ્રસ્તુત' તેની દાયકાઓથી ચાલતી આવેલી ચર્ચાનો છેદ એમના આ એક જ વિધાનથી ઊડી જાય છે. કારણ સમય ગમે તે હોય, પોતાના વ્યક્તિત્વને પૂર્ણપણે વ્યક્ત કરવાની સ્વતંત્રતા જિંદગીની સૌથી મોટી સ્વતંત્રતા છે. એ મળ્યા વગરની બીજી કોઈ પણ સ્વતંત્રતા અધૂરી છે. મહાત્મા ગાંધીએ એમ પણ કહ્યું છે કે 'ઓછી કે અધૂરી સ્વતંત્રતા જેવું કંઈ હોતું નથી. આપણે કાં તો સ્વતંત્ર હોઈએ છીએ અથવા નથી હોતા.' અને 'સ્વતંત્રતા એટલે માત્ર વિદેશી શાસનમાંથી મુક્તિ મેળવવી તે નહીં, સ્વતંત્રતા એટલે સ્વ પર નિયંત્રણ, સ્વશાસન.'

ભારતના બંધારણના ૧૯, ૨૦, ૨૧ ને ૨૨મા આર્ટિકલમાં 'રાઈટ ટુ ફ્રીડમ'ની વાત છે. ૧૯મી કલમમાં ભારતના દરેક નાગરિકને મળેલી છ સ્વતંત્રતાઓમાંની એક તે 'વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય' - 'ફ્રીડમ ઑફ સ્પિચ એન્ડ એક્સપ્રેશન' છે. ૨૦૧૫માં પેરિસના સાપ્તાહિક 'ચાર્લી હેબ્દો' પર ત્રાસવાદીઓએ કરેલો હુમલો અને ત્રણ દિવસમાં કરેલી સત્તર હત્યા એ ખરેખર તો અભિવ્યક્તિસ્વાતંત્ર્ય પર થયેલો હુમલો હતો. મહમંદ પયંગબરના કાર્ટૂન છાપવા બદલ 'ચાર્લી હેબ્દો' પર ૧૯૧૧માં પણ હુમલો થયો હતો. અન્ય સામયિકો પર પણ આવા હુમલા થયા છે.

સરકારી કે અન્ય કોઈ સત્તાની દખલ વગર અભિપ્રાય ધરાવવા અને વ્યક્ત કરવા તે 'ફ્રીડમ ઑફ એક્સપ્રેશન' છે. તેની અંતર્ગત પુસ્તકો, પરિપત્રો કે લેખો પ્રગટ કરવા, ટીવી-રેડિયો કાર્યક્રમો પ્રસારિત કરવા, કલાસર્જન અને ઈન્ટરનેટ કૉમ્યુનિકેશનના સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે. ભારતના બંધારણમાં વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે, પણ તેની સાથે અમુક શરતો જોડાયેલી છે. વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને નામે ભારતની અખંડતા, સુરક્ષા કે સાર્વભૌમત્વ પર પ્રહાર ન કરી શકાય, કોર્ટનું અપમાન ન થાય, નૈતિકતા ન જોખમાય ને અપરાધને ઉત્તેજન ન અપાય.

બ્રિટીશ જજ સિડની રોલેટના પ્રમુખપણા નીચે એક કમિટીએ મૂકેલો ઠરાવ ૧૯૧૯ના માર્ચ મહિનામાં લંડનમાં પસાર થયો. ભારતની પ્રજા બ્રિટીશ શાસનને માટે જે 'મુશ્કેલીઓ' ઊભી કરતી હતી તેને દબાવી દેવા માટે આ કાયદો બન્યો હતો. તેની રૂએ માત્ર શંકાના આધારે કોઈ પુરાવા વગર કોઈની પણ ધરપકડ કરવાનો અને કેદ પૂરવાનો અધિકાર સરકારને મળતો હતો. આરોપીને પોતાનો બચાવ કરવાનો હક નહીં અને સજા પૂરી થયા બાદ પણ રાજકીય, શૈક્ષણિક કે ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની છૂટ નહીં. અખબારો પર પણ પ્રતિબંધ મૂકાયા. મહાત્મા ગાંધીએ તેને 'કાળો કાયદો' કહી જાહેરમાં સખત શબ્દોમાં વખોડી કાઢ્યો. બંધારણીય માર્ગે વિરોધ કરવામાં કંઈ ન વળ્યું ત્યારે દેશવ્યાપી હડતાલ પાડવામાં આવી. પંજાબ અને અન્ય સ્થળે તોફાનો થતાં 'લોકો તૈયાર નથી' કહી ગાંધીજીએ હડતાલ પાછી ખેંચી. પંજાબમાં તો પણ વિરોધ ચાલુ રહ્યો. લશ્કર બોલાવાયું. જલિયાવાલા બાગમાં એક શાંત સભા પર અંધાધૂંધ ગોળીબાર થયો. દેશ ખળભળી ઊઠ્યો. ૧૯૨૨માં સરકારે રોલેટ એક્ટ પાછો ખેંચ્યો.

આ ઘટનાને સો વર્ષ થવા આવ્યા છે. દેશને સ્વતંત્રતા મળ્યાને પણ સિત્તેર વર્ષ થઈ ગયાં છે, પણ અભિવ્યક્તિસ્વાતંત્ર્યનો સાચા અર્થમાં ઉપયોગ કરતા આપણે કેટલું શીખ્યા છીએ તે વિશે સંશોધન કરવા જેવું છે. ચાર્લી હેબ્દો વખતે જે બન્યું તેના માટે ફેસબુક પર ભારતના તરુણ અને યુવાન ઉચ્ચશિક્ષિત મુસ્લિમોએ મોટા પ્રમાણમાં આનંદ વ્યક્ત કર્યો હતો. આ ચોંકાવનારા પ્રતિભાવો વિશે અને તેની પાછળનાં કારણો વિશે સંશોધન કરવાની અને ત્યાર પછી તેનો વિસ્તૃત અહેવાલ છાપવાની હિંમત કોઈ અખબારે કે પત્રકારે બતાવી નહીં.

અભિવ્યક્તિસ્વાતંત્ર્ય લોકશાહીનો પાયો છે. અલગતાવાદી તત્ત્વો જ્યારે તેનો દુરુપયોગ કરે છે ત્યારે ભારત જેવા બહુધર્મી, બહુભાષી ને બહુજાતિ રાષ્ટ્રોમાં જે સમસ્યાઓ ઊભી થાય છે તે આપણે અનુભવી રહ્યા છીએ. યાદ કરીએ 'ભારત છોડો' ઠરાવનો ગાંધીજીએ ઘટેલો મુસદ્દો. જંગી સભાને સંબોધતા તેમણે કહ્યું હતું, 'આપણી લડતના પાયામાં અહિંસા છે. જે અહિંસામાં ન માનતું હોય તે આને ટેકો ન આપે. આપણું ધ્યેય સત્તા નથી. સત્તા તો લોકોની જ રહેવાની છે. આપણું ધ્યેય સ્વતંત્રતા છે. દુનિયાના ઈતિહાસમાં લોકશાહી માટેની આવી લડત ક્યાંય થઈ નથી. ફ્રેન્ચ ક્રાંતિ અને રશિયન ક્રાંતિ શસ્ત્રો વડે થઈ છે. આપણી ક્રાંતિ શસ્ત્રરહિત છે. દુનિયાને આપણું આ જે પ્રદાન છે તેના વિશે વિચારશો ત્યારે તમે ભૂલી જશો કે તમે હિંદુ છો કે મુસ્લિમ. તમને એક જ વાત યાદ રહેશે કે તમે ભારતીય છો. બ્રિટીશને ધિક્કાર્યા વિના માતૃભૂમિને સ્વતંત્ર કરવાનું બીડું તમારે ઝડપવાનું છે.'

આ હતી ગાંધીજીની 'પર્સનાલિટી' અને આ હતું તેનું 'ફૂલ એક્સપ્રેશન'.

---

**ખાસ નોંધ**

**કોઈ પણ પુસ્તિકાની વધારાની નકલ મંગાવતાં પહેલાં કિંમત માટે કાર્યાલયનો સંપર્ક કરવો.**

## વૈવિધ્ય

# ૧. સ્વભાવમાં જીવવાનો વિવેક કેળવીએ

### તત્વચિંતક વી. પટેલ

આપણને જન્મતાની સાથે જ આપણો સ્વભાવ અને દેહ મળ્યો છે. દેહનો બરાબર વિવેક સાથે ઉપયોગ કરીને આપણા પોતાના સ્વભાવમાં સ્થિર થઈને આત્મસ્થ થઈને આત્માના અવાજને જાણી સમજી તે પ્રમાણે જ જીવવું એ જ માનવીય ધર્મ છે, જે માણસ આ રીતે પોતાના સ્વભાવ અનુસાર જીવે છે તે જ સાચો ધાર્મિક છે. બાહ્યાચારોમાં રચ્યોપચ્યો રહેનાર અને બીજા જેવા મથનાર ધાર્મિક નથી કે પરમાત્માનો સાચો સેવક પણ નથી.

આપણું મન જ આપણા બંધનનું અને મુક્તિનું કારણ છે. વસ્તુનું વિષયમાં રૂપાંતર કરી આસક્તિનાં, મોહનાં અને ઉપભોગ જેવા અનેક ભાવો ઉપજાવી રાગ અને દ્વેષ વગેરે દ્વંદ્વોને જન્મ આપનાર આપણું મન જ છે. આસક્તિ, મોહ, ઉપભોગ વગેરેનાં ભાવની હાજરી એ જ અહંકાર છે, જે આપણને સદા બંધનમાં જકડી રાખે છે ને દુઃખ, ચિંતા, તણાવ વગેરે તેની જ દેન છે.

એટલે જ આધ્યાત્મિક અને યોગ નિરંતર કહે છે કે, મન, બુદ્ધિ, વાસના અને શરીર સાથેના તાદાત્મ્યથી ઉત્પન્ન થતા અહંકારને તજવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ભગવત ગીતાનો પણ એ જ સત્ય સ્વરૂપ ઉપદેશ છે. ગીતાના બોધ અનુસાર અનાસક્તિના ભાવને નિર્દેશિત દ્વંદ્વાતિત એટલે કે ગુણાતીત અવસ્થા એ જ ગીતાની સ્થિતપ્રજ્ઞની અવસ્થા છે અને ગીતા સ્થિતપ્રજ્ઞમાં સ્થિર થવા પર જ જોર દે છે, એ જ અહંકાર અને રાગ દ્વેષથી મુક્તિ છે અને સમતામાં સ્થિરતા છે, સાક્ષીભાવની સ્થિતિ છે.

મહાત્મા ગાંધીએ પણ નિરંતર અનાસક્તિની વાતને જ પોતાના ગીતા ભાષ્યમાં દોહરાવી છે અને માણસે ફળનો અધિકાર છોડીને કર્મ કરવા કહ્યું છે. તેઓએ કહ્યું કે જે માણસ ફળની આશા સાથે કર્મ કરશે તે પડશે જ અને જે ફળની આશા છોડીને કર્મ કરશે તે ચડશે એટલે કે તે પોતાના જીવનનું આમૂલ પરિવર્તન કરી શકશે ને આંતરિક ઊર્ધ્વીકરણ કરી જ શકશે. બાકી ફળની આશા એટલે કે આસક્તિ, મોહ, રાગ, દ્વેષ, તૃષ્ણા અને અહંકાર વગેરે સાથે રાખે તે જીવનનો નુકસાનીનો ધંધો છે.

આમ, માણસનું પોતાનું મન જ તેના સર્વ બંધનોનું અને સર્વ દુઃખનું કારણ છે. આ એક આપણા જીવનની સર્વ સ્વીકૃત વાસ્તવિકતા છે, એટલે જ આપણા વેદ અને ઉપનિષદના તમામ ઋષિઓ, તમામ દાર્શનિકો, તત્વવેત્તાઓ, આધ્યાત્મિક ચિંતકો અને આધ્યાત્મિક પંથના સત્ય સ્વરૂપ પ્રવાસીઓ બહુ જ સ્પષ્ટ કહે છે કે સત્યની ખોજ માટે અનાસક્તિ, મોહ અને અહંકાર રહિતનો અંતરનો ભાવ દઢ કરી મનને અક્રિય એટલે કે

મનને અમન કરવાનો, મનથી ઉપર ઊઠવાનો જ ઉપદેશ સદાય આપે છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવાની નિરંતર સલાહ આપે છે અને સ્પષ્ટ કહે છે કે સદા સંકલ્પ વિકલ્પમાં રાચતું મન કદી પણ સત્યનો સાક્ષાત્કાર કરી શકે જ નહીં. એટલે મનની શુદ્ધતા અને સ્થિરતા એ જ સિદ્ધિ છે.

જો આપણે પરમાત્મા સાથે ખરેખર તાદાત્મ્ય સાધવું જ હોય તો મન, બુદ્ધિ, વાસના અને શરીર તેમજ ઐહિક જગત પરત્વે અનાસક્તિ અને સાક્ષીભાવ રાખી મોહ, રાગદ્વેષ અને અહંકારને તિલાંજલિ આપી તેનાથી નિવૃત્ત થઈ અસંગ બનીશું. આ રીતે સત્ય સાથે જ જ્યારે સંપૂર્ણ તાદાત્મ્ય એટલે કે અંતરનું ઐક્ય સધાય છે, અગર અંતરની પ્રીત બંધાય છે, ત્યારે જ સત્ય એટલે પરમાત્મા સ્વયં આપણી સમક્ષ પ્રગટ થાય છે, એને જ કહેવાય છે પરમાત્માની અનુભૂતિ, પરમાત્મા સ્વરૂપ સ્થિતિ અને એ જ જીવનની મહાસિદ્ધિ.

આમ છતાં દેહધારી માણસ પોતાનો જીવનવ્યવહાર ચલાવવા માટે અને કમાણી કરવા માટે મનની અવગણના કે ઉપેક્ષા કરી શકે જ નહીં તે સમજી શકાય તેવી બીના છે. પણ માણસ પોતાના આત્માના અવાજ પ્રમાણે સત્ય સ્વરૂપ થઈને જીવનના તમામ વ્યવહાર અને આચરણ વિવેક સાથે કરી જ શકે છે. તેમાં કંઈ અધ્યાત્મ તરફથી રૂકાવટ છે જ નહીં. અને આ રીતે સત્ય સ્વરૂપ થઈને સત્યના માર્ગે કમાવું તે પરમાત્માના આદેશ પ્રમાણે જ વર્તવું છે. એટલે જ ગીતા સ્પષ્ટ કહે છે કે સંસારથી ભાગવાનું નથી. પણ સંસારમાં પોતાની પરમ ચેતનામાં જાગૃતિપૂર્વક સ્થિર થઈને સંસાર ભોગવવાનો છે. અને આ રીતે જ જીવનમાં રહેવાનું છે અને આ રીતે કમાવાનું છે. પણ આપણે આ રીતે રહી શકતા નથી કે આ રીતે ધંધો કરી શકતા નથી તે આજની હકીકત છે.

એટલે જ ગીતાએ મનની પાર જઈને, મનને અક્રિય કરીને સત્યની અનુભૂતિ કરવાનો સ્પષ્ટ ઉપદેશ આપ્યો છે. એથી જ મનને મુક્તિનું કારણ એટલે કે સાધન ગણવામાં આવ્યું છે અને આ સાધનનો સ્વસ્થતા અને પ્રસન્ન ચિત્તે અનાસક્ત અને સાક્ષીભાવમાં સ્થિર થઈને ઉપયોગ કરીને સાધ્ય સુધી પહોંચવાનું છે. આ સંજોગોમાં અને પરિસ્થિતિમાં મન અને તેની ગતિવિધિને સંપૂર્ણપણે આપણે સ્વસ્થ ચિત્તે સમજવાની છે. મન સાથે વિચારવિમર્શ કર્યા સિવાય આગળ વધવું અશક્ય છે, એટલે જ જીવન સંગ્રામમાં મનનો ગહન અભ્યાસ અતિ આવશ્યક અને જરૂરી છે અને ધ્યાનની સાધના દ્વારા મનને શુદ્ધ અને સ્થિર કરી મનને જાણી સમજી વિવેકમાં સ્થિર થઈને આત્માના અવાજ પ્રમાણે સત્ય સ્વરૂપ જીવન જીવવું જરૂરી છે. આનું નામ જ આપણા પોતાના સ્વ-ભાવમાં વિવેક સાથે રહેવું છે.

---

‘‘ગાંધીજીની વિચારધારાએ અને તેથી પણ વધુ તેમની સત્યનિષ્ઠા અને ઉપાસનાએ મને અંકિત કર્યો તે સાચું પણ દરેક ક્ષેત્રમાં તેમની ગતિ હતી કે તેઓ બધું સમજતા હતા ને પ્રમાણભૂત હતા એવું મેં માન્યું નથી. એમનો પ્રત્યક્ષ જીવનવ્યવહાર અને આચરણના ક્ષેત્રમાં એમની સિદ્ધિઓ એ જ એમના જીવનની ઊંચાઈની સાચી પારાશીશી છે.’’

- સ્વામી આનંદ - ‘સ્વામી અને સાંઈ’માંથી

## ૨. વિકલાંગ - કલ્યાણ માટે પ્રયાસો થાય ...

**મનોજ જે. પટેલ**

આપણા દેશ તેમજ રાજ્યમાં વિકલાંગોની પરિસ્થિતિ ખૂબ દયનીય છે, એટલું જ નહિ તેઓની મુશ્કેલીઓમાં પણ દિનપ્રતિદિન વધારો થઈ રહેલ છે. ભારતીય વિકલાંગોને નોકરી કે ધંધો મેળવવામાં વધુ તકલીફો પડે છે. કેટલાક વિકલાંગો જેઓ અનેક પ્રકારની શારીરિક તકલીફો વેઠીને તેમજ માનસિક યાતનાઓ સહન કરીને સારા પરિણામો સાથે યોગ્ય શૈક્ષણિક લાયકાત (યોગ્યતા) મેળવે છે તેમજ નોકરી માટે અનેક જગ્યાએ સાક્ષાત્કાર (ઈન્ટરવ્યૂ) આપે છે છતાં તેઓમાંથી અનેક વિકલાંગોને કોઈ નોકરી મળતી નથી.

છેલ્લા કેટલાક વર્ષોથી સરકારની વિવિધ યોજનાઓ તેમજ સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓના પ્રયાસોથી વિકલાંગોમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું વધવા પામેલ છે જે ખરેખર આનંદદાયક હકીકત છે. વિકલાંગોમાં શિક્ષણનું પ્રમાણ વધે એવા પ્રયાસો કરવાની સાથોસાથ શિક્ષિત વિકલાંગોને સરકારી કે બિનસરકારી ક્ષેત્રે નોકરી મળે અથવા રોજગાર (ધંધો) મળે એવા સંનિષ્ઠ પ્રયાસો હવે વધારવા જોઈએ.

આપણા ભારત દેશમાં વિકલાંગો માટે સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ અમલમાં છે. વિકલાંગોનું કલ્યાણ થાઓ એ આ યોજનાઓનો મુખ્ય હેતુ છે જે ખરેખર પ્રશંસનીય પણ છે. યોજનાઓનો આ હેતુ સાર્થક થાય એ માટે આ યોજનાઓ વિકલાંગો સુધી પહોંચવી જોઈએ અને યોજનાઓના લાભો વિકલાંગોને મળવા જોઈએ. આ બધી યોજનાઓના લાભો મેળવવા વિકલાંગોને ઓછામાં ઓછી દોડધામ કરવી પડે એવું આયોજન કરવું જોઈએ. વિકલાંગોના કલ્યાણ માટે જરૂર જણાય તો અમલમાં રહેલ વર્તમાન યોજનાઓમાં જરૂરી સુધારા-વધારા કરવા જોઈએ તેમજ નવી-નવી યોજનાઓ પણ અમલમાં લાવવી જોઈએ. વિકલાંગો માટે કાર્ય કરતી સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓના કાર્યકર્તાઓએ પણ વિકલાંગ-કલ્યાણ ધ્યેયને સંપૂર્ણ સમર્પિત થઈ કાર્ય કરવું જોઈએ. આ લોકો વિકલાંગો માટે કાર્ય કરતા નથી એવું કહેવાનો મારો કોઈ ઈરાદો નથી. વિકલાંગો માટે આ લોકોએ હજુ વધુ સારું કાર્ય કરવા પ્રયાસો કરવા જોઈએ.

રેલ્વે-સ્ટેશનો, બસ-સ્ટેશનો, પોસ્ટઓફિસો, બેંકો તેમજ સરકારી કાર્યાલયોમાં એવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી વિકલાંગોને પોતાનું કામકાજ કરાવવામાં શક્ય એટલી ઓછી તકલીફો (મુશ્કેલીઓ) સહન કરવી પડે.

દયનીય પરિસ્થિતિમાં પહેલેથી જીવી રહેલ વિકલાંગો જ્યારે પણ નાની-મોટી માંદગીમાં સપડાય છે ત્યારે તેઓની પરિસ્થિતિ વધુ ને વધુ કફોડી બનતી જાય છે.

વિકલાંગોમાંથી મોટા ભાગના લોકો નહિવત આવક ધરાવતા હોય છે. અતિ મોંઘી આધુનિક આરોગ્ય સારવાર આ લોકો કરાવી શકે એમ નથી (ઈચ્છતા હોવા છતાં પણ કરાવી શકે એમ નથી) જેને લીધે તેઓની તબિયત વધુ ને વધુ કથળતી જાય છે. બિનવિકલાંગો કરતાં વિકલાંગોની શારીરિક શક્તિ પ્રમાણમાં ઘણી ઓછી હોય છે જેને કારણે તેઓને નાની-મોટી માંદગી (બિમારી) થવાની સંભાવના વધારે રહે છે. વિકલાંગોને અદ્યતન આધુનિક સારી સારવાર સસ્તા દરે મળે એ ખૂબ જરૂરી છે. આ માટે સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓ, સેવાભાવી દાનવીરો, સેવાભાવી દાકતરો, સામાજિક મંડળો તેમજ ધાર્મિક મંડળોએ હવે આગળ આવવું જોઈએ.

વિકલાંગોએ પણ નિરાશાનો અભિગમ ત્યજીને હકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ, સારું શિક્ષણ મેળવવા પ્રયાસો કરવા જોઈએ તેમજ સરકારી યોજનાઓના લાભો વિષે માહિતી મેળવતા રહેવું જોઈએ. વિકલાંગોએ નોકરી-રોજગાર મળે તો તે નોકરી-રોજગારને યોગ્યપણે કરવા સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ તેમજ પોતાનો વિકાસ થાય એ માટે પણ સદંતર પુરૂષાર્થ કરતા રહેવું જોઈએ.

(બંને પગે ૯૦% વિકલાંગ, મુ.પો. પીંપળ, વાયા, ધિણોજ, તા. ચાણસ્મા, જિ. પાટણ)

---

**ખાસ નોંધ :** જે ગ્રાહકોએ ઓનલાઈન કે ડાયરેક્ટ બેંકમાં ચેક અથવા તો રોકડેથી લવાજમ ભરેલ હોય તે તમામ ગ્રાહકોએ પૈસા જમા કર્યા બાદ પૈસા ભર્યાની પહોંચ ઈ-મેઈલ દ્વારા અથવા તો વિચારવલોણાની ઓફિસે અચૂક મોકલવી જેથી કરીને અંક મોકલવામાં સુગમતા રહે.

**આપનું લવાજમ પૂરું થાય છે?**

કેટલાક સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૮માં પૂરું થઈ રહ્યું છે. જો આપનું લવાજમ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે વિચારવલોણું પરિવારની ઓફિસે ચેક અથવા તો મની ઓર્ડર કે રોકડેથી મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપના નામના પ્રથમાક્ષર સાથેનો આપનો સભ્ય ક્રમાંક અવશ્ય લખશો. આપના અંકોની ફાઈલ નિયમિત જળવાઈ રહે તે માટે લવાજમ સમયસર રિન્યૂ કરાવવાનો આગ્રહ રાખશો.

**જે સભ્યોનું લવાજમ ડિસેમ્બર-૨૦૧૮માં પૂરું થઈ ગયેલ હશે. તે સભ્યોને ફેબ્રુઆરી ૨૦૧૯થી અંક મળશે નહીં તેની નોંધ લેવી. - વ્યવસ્થાપકશ્રી.**

## સંવાદિતા અને શાંતિ સાથેની લોક બિરાદરીનું નિર્માણ

ડૉ. પ્રકાશ આમટે

(તા. ૧૮ ઓક્ટોબરે ગૂજરાત વિદ્યાપીઠમાં આપેલ પદવીદાન સમારંભનું પ્રવચન-ટૂંકાવીને)



આજે જ્યારે પશ્ચિમી વિશ્વ એશિયાને એક ગણવાયોગ્ય તાકાત માને છે ત્યારે આપણા માટે એ ગૌરવ અને સન્માનની વાત છે. આવે ટાણે આપણે આપણા જીવન અને સભ્યતાને આકાર દેવાવાળી એ વિરાસતને યાદ કરીએ. જે આજે વિનાશની ધાર પર આવીને ઊભી છે. યુદ્ધ હોય કે હિંસા, પર્યાવરણીય વિનાશ હોય કે રાજનૈતિક અવ્યવસ્થા. સામૂહિક લાલસા હોય કે ધાર્મિક સંકુચિતતા – સભ્યતાની વિકાસયાત્રાના કેટલાય ભયાવહ પાસાઓ સામે આવ્યા છે. સ્પષ્ટરૂપે કહીએ તો 'જતન કરો અથવા અકાળ વિનાશ માટે તૈયાર રહો'ની દુહાઈ દેનારી આ ચીખ આપણે માટે અંતિમ ચેતવણી છે. જેને તાત્કાલિક ધ્યાનમાં લેવી પડશે. આજનું આ મિલન ઘણા અર્થોમાં અપવાદરૂપ અને અદ્વિતીય છે. આટલા વર્ષોમાં મેં શું કર્યું તેની આપને જાણ કરવી એના જેવું મુશ્કેલ કાર્ય મારા માટે અન્ય કોઈ નથી. મારા માટે બોલવા કરતા કામ કરવું વધારે સહેલું છે. મારા મૂળીયા તો આજ ગાંધી સંસ્કૃતિમાં જામેલા છે, જેમાં હું મોટો થયો છું.

હું એક એવા પરિવારમાંથી આવું છું જે શબ્દો કરતા કર્મમાં વધારે વિશ્વાસ રાખે છે. મારા પ્રિય પિતા-બાબા આમટે હંમેશા મારા માટે પ્રેરણાસ્રોત રહ્યા છે. ક્રિયા-ચાહે ખંડનાત્મક હોય કે સર્જનાત્મક, એક નિર્ભય મન હોવું જરૂરી છે. મારા પિતાને મહાત્મા ગાંધીએ 'નીડર માણસ' કહેલા. પોતાના પૂરા જીવનકાળમાં તેઓ સાહસોથી રમતા રહ્યા. તેમના માટે સાહસ એ કોઈ ફેશન નહોતી. પણ એક પેશન (passion) - તીવ્ર જુસ્સો હતો. જીવન જીવવાની એક રીત હતી. વિકાસ – મારો ભાઈ અને હું આ જ સંસ્કૃતિમાં, માહોલમાં મોટા થયા. મારા માતાપિતા કઠોર પરિશ્રમ કરતા હતા. રક્તપિત્તના રોગીઓની સેવાનું પ્રણ જાળવી રાખવા ઉપરાંત ઘરની નાની મોટી બધી જવાબદારીઓ તે બંને ખુશીથી નિભાવતા હતા. તેમના એ દરેક કરૂણાપૂર્ણ કાર્યોનાં બહુ પહેલેથી જ અમે મૂક દ્રષ્ટા હતા. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ કોઈ કહે તે પહેલા અમે પણ રોજબરોજના ગૃહકાર્યોમાં જોડાતા ગયા. અમારા બાબા જમીનદારના સંતાન હતા. તેમના પિતાજી સરકારી નોકર હતા. પૈતૃક સંપત્તિ તરફથી મોં ફેરવી લીધા પછી પૈસાની તંગીને કારણે કપડાં કે ખાવાની ચીજોમાં સાદગી જાળવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નહોતો. આ પ્રમાણે નિર્ભયતા, સાદગી, કરુણા અને શ્રમ

પ્રતિ સદ્ભાવ - અમારી દ્વિતીય પ્રકૃતિ બની ગઈ. હું માનું છું કે પ્રથમ ગુણ અપનાવવા માત્રથી બાકીના ત્રણ સ્વયં અનુસરણ કરે છે.

લોક બિરાદરી પ્રકલ્પ (people's brotherhood project), જ્યાં અમે અત્યારે કામ કરીએ છીએ, તે મારા પિતા દ્વારા સ્થાપિત ટ્રસ્ટ - મહારોગી સેવા સમિતિ. વરોરાનું એક અંકુર જ છે. સિત્તેરના દાયકાની શરૂઆતમાં મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં ભમરાગઢના ગાઢ જંગલોની બાબા સાથે કરેલી મુલાકાત એક સર્વાંગી વિકાસ સંસ્થાના નિર્માણનું કારણ બનશે તે અમને બિલકુલ ખબર નહોતી. લોક બિરાદરી પ્રકલ્પની રચના ૧૯૭૪માં થયેલી.

એ વખતે મારા મોટા ભાઈ વિકાસે અને મેં વીસીમાં પ્રવેશ કરેલો અને બાબા સાઈઠના હતા. હજુ હમણા જ મેં મેડિસિનની છેલ્લી પરીક્ષાની ઔપચારિકતા પૂર્ણ કરેલી અને પ્રતિષ્ઠિત ડૉકટરની કારકિર્દીના સપના જોતા પરિણામોની રાહ જોતો હતો. ડિસેમ્બર મહિનાની એક સુંદર સવારે બાબાએ ઘરના બધા સદસ્યોની સાથે ભમરાગઢમાં પિકનિકમાં જવાનો કાર્યક્રમ બનાવ્યો. આ સ્થાનના વિશે આ પહેલા અમે ક્યારેય કશું જાણ્યું નહોતું. કદાચ આ પિકનિક પાછળનો આશય અમને બંને ભાઈઓને આદિવાસીઓના જીવન અને સંસ્કૃતિનો પરિચય કરાવવાનો હતો. અમારા ઘર, આનંદવનથી ૨૫૦ કિમી. દૂર એ જગ્યા મજબૂત વાહન અને સડકોની અનુપસ્થિતિને કારણે ઘણી દૂર લાગતી હતી. અંતિમ ૮૦ કિમી. તો એવા હતા કે જ્યાં ન તો કોઈ સડકના નિશાન હતા કે ના કોઈના ચાલવાથી પડેલાં પગલાંનાં નિશાન હતાં. આવો હતો બાબાનો પિકનિકનો વિચાર.

બાબાએ એ વિસ્તારનું સર્વેક્ષણ કર્યું અને એક જગ્યાને પસંદ કરી. જેનાથી અઢી કિમી. દૂર એક નદી વહેતી હતી. એ જગ્યા બહુ સુંદર હતી. સાગના વૃક્ષો સૂર્ય પ્રકાશને રોકતા હતા. ઝરણાઓ એ ક્ષેત્રને અજગરની જેમ ઘેરીને વહેતા હતા. અમે જીજ્ઞાસાપૂર્વક દરેક ચીજોનું નિરીક્ષણ કર્યું. વૃક્ષોની પાછળથી નાની આકૃતિઓ બહાર આવી. જે રંગબેરંગી પીંછાઓ અને પથ્થરના બનેલા મોતીઓથી સજ્જ હતી. અમે એક ઝાડ નીચે કેમ્પ લગાવ્યો. પછીથી બે દિવસ વિભિન્ન આદિવાસી ગામોની મુલાકાત લઈને એ વિસ્તારનું સર્વેક્ષણ કર્યું. સ્થાનિક લોકો સાથે વાતચીત કરી ન શક્યા. કારણ તેઓ ડરેલા હતા અને અમારી સાથે વાત કરવા ઉત્સુક નહોતા. જેવા અમે કોઈ ગામમાં જઈએ કે તરત અમને જોઈને તેઓ નજીકના જંગલમાં છુપાઈ જતા હતા. અમે માત્ર દૂરથી એમનું નિરીક્ષણ કરી શકતા હતા. તેઓ પાસે કોઈ વસ્ત્રો નહોતા. સિવાય કે કાપડનો એક નાનો ટુકડો, તેમના ગુપ્તાંગોને ઢાંકવા પૂરતો. તેમાંના મોટા ભાગના કુપોષણના શિકાર હતા. અને તેમના બાળકોનાં પેટ બહાર આવી ગયેલાં. અમે હતપ્રભ હતા. આ પૂર્ણરૂપે એક અલગ વિશ્વ હતું. દરેક ગામ, જ્યાં ક્યાંય અમે ગયા, એક સરખો પ્રતિભાવ મળ્યો. જે દેશમાં જીવી રહ્યા છીએ એ જ દેશમાં કેટલાક લોકો આવી સ્થિતિમાં પણ રહે છે એ વિચાર માત્ર જ અમને કંપાવી દેતો હતો. શિયાળાની

એ કડકડતી ઠંડીમાં એ વિસ્તાર છોડતા પહેલા રાત્રે અમે તાપણું સળગાવીને તેની આસપાસ એકઠા થઈને પાછલા બે દિવસોમાં અમે જે જોયું તેના અનુભવોની ચર્ચા કરી. બાબાની બેચેની તરત જ સપાટી પર આવી ગઈ અને તેમણે એ સ્વપ્ન પ્રકલ્પ વિષે પોતાના વિચારો અમારી સામે મૂક્યા. રક્તપિત્તના રોગીઓની સાથે થોડા વર્ષો કામ કર્યા બાદ, એમની ઈચ્છા હતી કે આ સમુદાય માટે બનાવેલા પ્રકલ્પને શરૂ કરવાનું બીડું કોઈ ઉઠાવે, અને આ લોકોને આરોગ્ય, શિક્ષણ અને ખેતીની તાલીમ જેવી પ્રાથમિક સુવિધા પ્રદાન કરવા માટે કોશિશ કરે. વૃદ્ધાવસ્થામાં પણ બાબાના અતિ ઉત્સાહને જોતા, બાબાએ જેવું કામ શરૂ કર્યું કે તુરંત મેં સ્વેચ્છાએ તેમની સાથે જોડાવાનો નિર્ણય કર્યો. જે સમયની સાથે મારી જિંદગીનો ટર્નિંગ પોઈન્ટ સિદ્ધ થયો.

૧૯૭૩ના અંતમાં જ્યારે હું જનરલ સર્જરીમાં મારું માસ્ટર્સ પૂરું કરી રહ્યો હતો ત્યારે આ પ્રકલ્પ શરૂ થયો. માર્ચ ૧૯૮૪માં જ્યારે મને લાગ્યું કે લોક બિરાદરી પ્રકલ્પને એક ડૉકટરની અત્યંત આવશ્યકતા છે, મેં મારું ભણતર અડધે રસ્તે જ છોડી દીધું અને પ્રકલ્પનો ચાર્જ મારા હાથમાં લઈ લીધો. નાગપુર મેડિકલ કોલેજમાં એનેસ્થેસિયાની અધ્યાપિકા તરીકે કાર્યરત મંદાકિની - મારી પત્નીએ પણ રાજીનામુ આપી દીધું અને મારી સાથે કાર્યમાં જોડાઈ ગઈ. ત્યાં અન્ય ચાર સ્વયંસેવી કાર્યકરો હતા અને સારા થઈ ગયેલા થોડા રક્તપિત્તના રોગીઓ પણ હતા જે અમારા ત્યાં ઘર બાંધવાના અને જંગલની જમીન સાફ કરવાના કામોમાં મદદ કરતા હતા. મારે એ કહેવું જોઈએ કે અમારા પરિવારના દરેક સાહસ અંદરની ઉત્કટ ઈચ્છાને પૂર્ણ કરવાના ભાગ રૂપે હોય છે. પહેલેથી કોઈ લાંબુ આયોજન નથી હોતું. અજાણી સમસ્યાઓ વિષે અમે કંઈ વિચારી રાખેલું નથી હોતું. એક ઊર્મિ અમને જંગલની તરફ લઈ ગઈ. અમે કામ કરતા ગયા અને જેમ સમસ્યાઓ આવતી ગઈ તેમ અમે એનો ઉકેલ શોધતા ગયા. અમારી દુનિયામાં ફાયદો કે નુકશાનની પૂર્વ ગણના માટે કોઈ જગ્યા નથી હોતી. અમે પોતાની જાતને કાર્યમાં વ્યસ્ત કરી દીધી અને વિચારોને જતા રહેવાની અનુમતિ દઈ દીધી. અથવા તમે એમ પણ કહી શકો કો બાકી વિશ્વ માટે એને છોડી દીધા.

વ્યવહારિક દૃષ્ટિએ જુઓ તો અહીં બહુ બધી કઠણાઈઓ હતી. પણ એ બધા માટે અમે બંનેએ પોતાની જાતને માનસિકરૂપે પૂર્ણપણે તૈયાર કરી દીધેલી. અમે એકમેકને કહ્યું હતું : ''ગમે તે થાય, આપણે અહીંયા જ રહીશું.'' સ્થાનીય આદિવાસીઓનો સહયોગ અમને નહીં મળે એવું તો અમે ક્યારેય વિચારેલું નહીં. શરૂઆતમાં તો કોઈએ આગળ આવીને તેમની સેવાનો કોઈ મોકો ન આપ્યો. અમે અમારી ઝૂંપડી, જે એક પ્રકારે અમારું ક્લિનિક હતું, તેમાં તેમની રાહ જોતા રહ્યા. આધુનિક દવાઓ વિષે તો એમણે ક્યારેય કશું જાણ્યું જ નહોતું. તે લોકો તો એમના ગામના ભૂવા, પૂજારી પર જ નિર્ભર હતા. અમે એ ગામડાઓમાં પદયાત્રાઓ કરી. એ પછી પહેલી પ્રાથમિકતા ત્યાંની સ્થાનિક ભાષા શીખવવાની નક્કી કરી. તેના વગર સંવાદ કરવો લગભગ અશક્ય જ હતો.

પ્રારંભમાં દર્દીઓની સાથેના અમારા અનુભવો શૈક્ષણિક હતા. મને આજે પણ યાદ છે. અમારો પહેલો દર્દી પાસેના ગામનો હતો જે ગંભીરપણે દાઝી ગયેલી હતો. એ ફીટનો રોગી હતો અને દસ વર્ષનો બાળક હતો. ઠંડીથી બચવા તે તાપણાની બાજુમાં સૂતેલો. તેણે કપડાં નહીં પહેરેલાં. ઊંઘમાં જ એને ખેંચ આવવા માંડી અને તે તાપણાની આગમાં પડ્યો અને ખરાબ રીતે દાઝી ગયો. તેમની આદિવાસી દવાઓથી એના ઘાવ તો ન ભરાયા પણ ઈન્ફેક્શન લાગી ગયું અને ઘાવમાં કીડા પડ્યા. અમે તેનો ઉપચાર કરવા દેવાની વિનંતી કરી. તેના માતાપિતાએ તો એની બચવાની બધી આશા છોડી દીધેલી. તેમ છતાં અમારા ઓપનએર ક્લિનિકમાં લાવવા સહમત થયા. તે દિવસ સુધી કોઈ આદિવાસીએ ક્યારેય એન્ટિબાયોટિક્સ નહીં લીધેલી. તેમના આશ્ચર્ય વચ્ચે અમે તેને અમારી દવા, સ્વચ્છ અને જંતુવિહીન ડ્રેસિંગ વડે એક મહિનામાં સાજો કરી દીધો. અમારે માટે એને સ્વસ્થ કરવા કરતા વધારે મહત્ત્વનું એમનો વિશ્વાસ જીતવાનું હતું.

આદિવાસીઓની બેપરવાહીએ અમારી મુશ્કેલી વધારી દીધેલી. તેમણે દવાની ગોળીઓ પહેલી વાર જોયેલી. ક્યારેક તેઓ આખા અઠવાડિયાની ગોળીઓ એકસાથે ખાઈ જાય અથવા ગોળી સાથેનો કાગળ પણ ખાઈ જાય. આથી અમને સમજાયું કે કેટલુંક પ્રાથમિક શિક્ષણ આપવું પણ જરૂરી છે.

૧૯૭૬માં લોક બિરાદરી પ્રકલ્પે આદિવાસી બાળકો માટે નિવાસી વિદ્યાલય શરૂ કર્યું અને ઔપચારિક શિક્ષાની સાથે તેમના અધિકારો પ્રત્યે જાગરૂકતા લાવવાનો પ્રયાસ શરૂ થયો. બાળકોને નિવાસી વિદ્યાલયમાં મોકલવા માટે અમારા સ્વયંસેવકો ગામે ગામ જઈને તેમના માતાપિતાને સમજાવવા માટે મળવા લાગ્યા. ૧૯૭૬માં ૨૫ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો સાથેની અમારી શાળામાં આજે ૬૪૦ વિદ્યાર્થીઓ છે અને ૧૭ શિક્ષકો સાથે પૂર્ણરૂપે ખીલેલું નિવાસી વિદ્યાલય બની ગયું છે. અમારા શિક્ષણગણમાંના ત્રણ શિક્ષકો તો અમારા જ વિદ્યાલયના વિદ્યાર્થીઓ છે. વિદ્યાલયમાં ઔપચારિક શિક્ષણની સાથે વ્યાવસાયિક તાલીમ પણ આપીએ છીએ. જેવી કે, વાંસ અને ધાતુ કૌશલ્ય, સિલાઈકામ, ખેતીકામ, બાગાયત અને કોમ્પ્યુટર શિક્ષા.

પ્રારંભમાં આદિવાસી લોકો સ્થળાંતરિત ખેતી કરવા માટે ટેવાયેલા હતા. તેને કારણે ઉત્પાદકતા અને ઉત્પાદન બંનેના સ્તર નીચે રહેતાં. તેમનો ખોરાક ઓછો હતો અને કુપોષણ વધારે. આદિવાસીઓની શિકાર કરવાની ટેવ છોડાવવા માટે જે ગામોમાંથી અમારા વિદ્યાર્થી આવતા હતા તે ગામોમાં કૃષિ નિદર્શનના કાર્યક્રમો શરૂ કર્યા. ચોખા અને શાકભાજીની વધારે ફસલ આપતા બિયારણનું વિતરણ કર્યું. હવે તેઓ ધીરે ધીરે નવી અને સંશોધિત કૃષિની રીતો અને ટેકનિકો અપનાવતા જાય છે.

તેમના અંદરોઅંદરના ઝઘડા અને મનદુઃખોને મટાડવા આદિવાસીઓમાં પરંપરા રૂપે વડીલોની એક કાઉન્સિલ હોય છે. પણ પછી પોલીસતંત્ર હોવાને કારણે

તેઓ તે માટે પોલીસનો સંપર્ક કરવા માંડ્યા. તેનાથી પોલીસખાતાને આ ગરીબ અને અશિક્ષિત આદિવાસીઓનું શોષણ કરવાનો મોકો મળી ગયો. ૧૯૮૦થી અમે અનૌપચારિક અદાલત-લોક અદાલતનું આયોજન કરીએ છીએ. જ્યાં લોકો હત્યા સિવાયના બાકી દરેક પ્રકારના ઝઘડાઓનું નિરાકરણ લાવે છે અને એમની પરંપરા અને રિવાજોને ધ્યાનમાં રાખીને ઝઘડાઓ નિપટાવે છે.

આ ક્ષેત્રમાં પીવાના પાણીની સમસ્યા હંમેશા રહી છે. અમે સરકારને દરેક ગામોને બોરવેલ ઉપલબ્ધ કરાવવાની વિનંતી કરી. ત્યારબાદ કેટલાક વર્ષો સુધી અમે ૮૦ જેટલા ગામોની ડંકીઓની નિયમિત જાળવણી કરી. પછીથી વિદ્યાલયના છોકરાઓને એ કામ શીખવાડીને તેમને સોંપી દીધું.

શિકાર એ આદિવાસીઓના ખોરાક માટેનો મુખ્ય સ્રોત હતો. પોતાના ખોરાકની શોધમાં આદિવાસી લોકોએ પક્ષીથી લઈને સાપ સુધી જે કંઈ ખાઈ શકાય તેવું હતું તે બધાનો શિકાર કર્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લેતા અમે આદિવાસીઓને સમજાવ્યું કે પ્રાણીઓના નાના બચ્ચાંઓને છોડી દેવા અને તેના માટે 'વાઈલ્ડ લાઈફ ઓરફનેજ' શરૂ કર્યું. અમે એમની પાસેથી પ્રાણીઓના બચ્ચાંઓને લેતા અને બદલામાં અનાજ આપતા. આજે ઓરફનેજમાં ઘણા પ્રાણીઓ છે. આ પ્રાણીઓ, પક્ષીઓ, સાપ અને સરીસૃપ - ઘરેલુ પાલતુથી લઈને જંગલી પ્રાણીઓનું સંગ્રહાલય છે.

હું આ વિશ્વને કેવી રીતે મહેસૂસ કરું? મિત્રો, આજે એવા યુવાનોની તંગી નથી જે પોતાના સમય, શક્તિ અને ધનને સુખવાદી ઉત્સવોમાં વ્યય કરી રહ્યા હોય. જેવા કે એન્જિનિયર્સ, ડૉક્ટર્સ, સાયન્ટિસ્ટ્સ, આઈ.ટી. પ્રોફેશનલ્સ વગેરે. ગળાકાપ સ્પર્ધાથી પ્રભાવિત આજના આ જ્ઞાન આધારિત સમાજમાં દરેક વ્યક્તિ બીજાથી આગળ થઈ જવામાં પ્રવૃત્ત છે. આ પાગલ ટોળામાં જો કોઈ કમી હોય તો તે છે ભાઈચારાની, બંધુત્વની શક્તિની અને પારિવારિક અનુભૂતિની. મારા પિતાની માન્યતામાં મને વિશ્વાસ છે - Care and Share, Charity destroys, Work builds. એ વિચારોએ દરેક વખતે અમને રસ્તો સૂઝાડ્યો છે. વિશ્વના યુવાઓમાં પણ મને શાશ્વત વિશ્વાસ છે. વિશ્વનું ભાવિ એમના જ હાથોમાં છે. જ્યાં લોકો સંવાદિતા અને શાંતિ સાથે રહી શકે તેવી માનવ બિરાદરી બનાવવા આપણને થોડાક વધારે સમર્પિત અને પોતાના ઉદ્દેશ પ્રતિ પ્રમાણિક કાર્યકર્તાઓની આજે જરૂરત છે. એ દિશામાં પહેલું પગલું હશે - દરેક ક્ષેત્રોમાં સંચિતો અને વંચિતોની વચ્ચે સેતુ બનાવવો. નિર્મળ આનંદને એક નવી ઊંચાઈ પર લઈ જવા માટે સમતાના હિમયાતી બનીએ.

([illegible] પગદંડીઓ' - અનુવાદક : સંજય શ્રીપાદ ભાવે, સ્વમાન પ્રકાશન. મો. ૯૪૨૭૬૦૬૯૫૬. email : mdave.swaman@gmail.com)

## સ્ત્રીને ખતમ કરવી હોય તો તેને પરણી જાઓ - 'ધ વુમન્સ રૂમ'નો આક્રોશ

**સોનલ પરીખ**



'સ્ત્રીને ખતમ કરવી છે? બહુ સહેલું છે. તેને મારી નાખવાની જરૂર નથી. બળાત્કાર કરવાની કે માર મારવાની ય જરૂર નથી. બસ, તેની સાથે લગ્ન કરી લો, કામ થઈ જશે.' આ શબ્દો છે પ્રખ્યાત નવલકથા 'ધ વુમન્સ રૂમ'ની અમેરિકન નારીવાદી લેખિકા મેરિલિન ફ્રેન્ચના. આ નવલકથા પ્રગટ થયાને ૪૧ વર્ષ થયાં, એટલે કે લગભગ બે પેઢી બદલાઈ. બહુ ઝડપથી મોટાં પરિવર્તનોનાં મોજાં પણ આવી ગયાં. દેશમાં મી ટૂ હૅશટેગ નામનું વાવાઝોડું આવી ગયું, પણ 'ધ વુમન્સ રૂમ'નું સાહિત્યિક અને ઐતિહાસિક મહત્ત્વ ઘટ્યું નથી.

નવેમ્બર મહિનામાં મેરેલિન ફ્રેન્ચનો જન્મદિન ગયો. 'ધ વુમન્સ રૂમ' મેરિલિન ફ્રેન્ચની પહેલી નવલકથા હતી, નારીવાદના અમેરિકન ઈતિહાસમાં પણ આ પહેલી અને આ પ્રકારની કદાચ છેલ્લી નવલકથા હતી અને ભારતીય પરિપ્રેક્ષ્યમાં પણ તેને જોવાની મજા આવે તેમ છે.

આ નવલકથાએ મેરિલિનને નારીવાદી ચળવળની અગ્રણી બનાવી હતી. તે તો કહે છે કે એમાં આત્મકથન નથી, પણ 'ધ વુમન્સ રૂમ' તેના જીવન સાથે ઘણું સામ્ય ધરાવે છે. તેની નાયિકા મીરાની જેમ મેરિલિન પણ લગ્ન અને છૂટાછેડાના અનુભવમાંથી પસાર થઈ હતી. જો કે તે કહે છે,''આ નારીવાદ કે તેના આંદોલનની નહીં, આજની નારીના જીવનની કથા છે.' નવલકથા પ્રગટ થઈ કે તરત તેના પર ટીકાઓનો વરસાદ વરસ્યો હતો કે તે વધુ પડતી નકારાત્મક અને પુરુષવિરોધી છે - પણ તેથી તો તેની લોકપ્રિયતા અત્યંત વધી ગઈ હતી.

નવલકથાના મુખ્ય પાત્ર મીરાની યુવાની બીજા વિશ્વયુદ્ધ પછીના 'બેબી બૂમ પિરિયડ'માં વીતે છે. બેબી બૂમ કાળ એટલે વિશ્વયુદ્ધ પછીના ૧૯૪૦થી ૧૯૬૦ના દાયકાઓ, જેમાં અમેરિકામાં બાળજન્મ અને નાની ઉંમરે થતાં લગ્નોને સરકારી પ્રોત્સાહન મળતું હતું. ત્યારે લોકો શહેરથી દૂર વસતા, ઓછા પૈસામાં જીવન શક્ય હતું અને સ્ત્રીએ પરંપરાગત ગૃહિની અને મા તરીકે સંતુષ્ટ જીવન જીવવું એ પરંપરા હતી. ૬૦ના દાયકામાં નારીવાદનું બીજું મોજું આવ્યું જેમાં પોતાના શરીર અને

કાર્યક્ષેત્રના નિર્ણયો સ્ત્રીના હાથમાં હોવા જોઈએ એ મુદ્દો ઉપડ્યો. ૧૯૬૩માં 'ધ વિમેન્સ મિસ્ટિક'માં લેખિકા બેટ્ટી ફ્રિએડને સ્રીના આવા 'જેનું કોઈ નામ નથી' એવા પ્રશ્નોની ચર્ચા કરી. આ વિચારધારાને જ આગળ વધારીને લેખિકાએ 'ધ વુમન્સ રૂમ'માં ઘર સંભાળતી સ્રીઓમાં વ્યાપક એવા અસંતોષને વ્યક્ત કર્યો.

૫૦-૬૦ના દાયકાના અમેરિકાના મધ્યમવર્ગીય પરિવારમાં ઉછરેલી તરુણ મીરાને એક છોકરા સાથે નિકટની મૈત્રી છે, પણ તે પોતાને ભવિષ્યમાં ઘરમાં 'એકલી ને જમીન સાફ કરતી' છોડીને ચાલ્યો જશે એમ લાગતાં તે તેને છોડી દે છે. નોર્મ નામના એક ડૉકટર સાથે પછી મીરા લગ્ન કરે છે, ને બે સંતાનોની મા બને છે. વ્યસ્ત થતો જતો નોર્મ પરિવાર સાથે સમય વીતાવી શકતો નથી. મીરા એકલી અને બાળઉછેર, રસોઈ અને સાફસૂફીના નિરસ અને કોઈ વળતર વગરના પરિશ્રમમાં ફસાયેલી રહી જાય છે. તે જુએ છે કે સ્ત્રી માટે ઘર ને પુરુષ માટે દુનિયા એવી સંસ્કૃતિમાં લગ્નથી પુરુષને લાભ મળે છે, ને સ્રીને અન્યાય થાય છે. તે એ પણ જુએ છે કે બીજી સ્રીઓની સ્થિતિ તો તેના કરતા ય ખરાબ છે. આ સ્રીઓએ લગ્નબહારના સંબંધમાં કે પાર્ટીઓ વગેરેમાં પોતાની એકલતા અને કંટાળાનો ઈલાજ શોધવાની નિષ્ફળ મથામણ કરી છે.

એક દિવસ નોર્મ મીરાને છૂટાછેડા આપી બીજાં લગ્ન કરવાની વાત કરે છે. હતબુદ્ધિ મીરા પહેલા તો આત્મહત્યાનો પ્રયાસ કરે છે, પછી સખી માર્થાની સમજાવટથી પતિને છૂટો કરે છે ને શિક્ષણ તેના રસનો વિષય હોવાથી હાર્વર્ડમાં પ્રવેશ મેળવી અંગ્રેજી સાહિત્યમાં પીએચ.ડી. કરે છે. સમાન વિચારવાળી સહેલીઓ મળતી જાય છે. જુદું વિચારતી સ્રીઓ તરીકે તેમને કોઈ ને કોઈ સમસ્યા છે. મીરાની એક સહેલી વાલ તેને નારીવાદનો પરિચય કરાવે છે. આ વાલની દીકરી પર બળાત્કાર થાય છે, ત્યારે વાલ આક્રોશથી કહે છે, 'જાહેર જીવનમાં જે પણ હોય, સ્રી સાથેના સંબંધમાં દરેક પુરુષ માત્ર બળાત્કારી સિવાય કશું નથી. તેઓ આપણા પર નજરથી, કાયદાથી અને નિયમોથી અત્યાચાર જ કરતા આવ્યા છે.'

અહીં મીરાને આફ્રિકાનો રાજદૂત બેન મળે છે. તેની સાથેના પ્રેમમાં મીરાને તનમનની તૃપ્તિ અને સ્વાતંત્ર્ય બંનેનો એકસાથે અનુભવ થાય છે ને તેના મનમાં સ્રીને સ્ટિરિઓટાઈપ્ડ ભૂમિકામાંથી મુક્ત કરવાનો વિચાર આકાર લેતો જાય છે. મીરાના વિકસતા જતા વ્યક્તિત્વને જોઈ તેનાં સંતાનો પણ ખુશ થાય છે. બેન સાથે મીરા ખુશ છે, પણ બેન તેને પોતાના આફ્રિકાના દેશમાં લઈ જવા માગે છે ત્યારે એમનો સંબંધ પૂરો થાય છે.

વાર્તાના અંતે બેન તેની સેક્રેટરી સાથે લગ્ન કરી બે બાળકનો પિતા બન્યો છે, મીરા એક કોલેજમાં ભણાવે છે – તેના જીવનમાં કોઈ પુરુષ નથી. વાલ એક બળાત્કારના કેસમાં કાઢેલા મોરચામાં મૃત્યુ પામી છે.

૨૦૦૯માં લેખિકાનું મૃત્યુ થયું ત્યારે વીસ ભાષામાં તેની બે કરોડ નકલો વેચાઈ ચૂકી હતી.

૧૯૮૩માં પ્રગટ થયેલી ને તે પહેલા 'જન્મભૂમિ પ્રવાસી'માં હપ્તાવાર છપાયેલી કુન્દનિકા કાપડિયાની નવલકથા 'સાત પગલાં આકાશમાં' આ સંદર્ભે યાદ આવ્યા વિના ન રહે. તેમની વસુધા અને તેની સહેલીઓ પણ સ્ત્રીની પરંપરાગત ભૂમિકાના અન્યાયની શિકાર છે, પણ મુક્ત થવાનો તેમનો માર્ગ વિઘ્નોથી ભરેલો છે. અનેક સ્ત્રીઓએ વસુધામાં પોતાનું પ્રતિબિંબ જોયું હતું. ત્રણ દાયકાના લગ્નજીવન પછી વસુધા પણ ઘર છોડે છે અને મૈત્રી અને સમાનતાના સિદ્ધાંત પર રચાયેલી આનંદગ્રામ નામની વસાહતમાં રહેવા જાય છે. આ નવલકથાની સત્તર આવૃત્તિ થઈ છે.

'ધ વુમન્સ રૂમ' જેટલી વખણાઈ તેટલી જ તેની ટીકા પણ થઈ. 'સાત પગલાં આકાશમાં' ને પણ 'નોબેલ પ્રાઈઝ મળવું જોઈએ' થી માંડી 'લેખિકાને જેલમાં પૂરી દેવા જોઈએ' જેવા પ્રતિભાવો મળ્યા હતા. કુન્દનિકાબહેને આ પ્રતિભાવોનું એક આખું પુસ્તક 'આનંદ અને આક્રોશ' બહાર પાડ્યું છે. તેના પ્રત્યુત્તર કે પ્રત્યાઘાત રૂપે મીરા ભટ્ટની 'સાત પગલાં સાથે' અને ઉષા શેઠની 'અવનવી' જેવી સુંદર નવલકથાઓ લખાઈ છે.

'ધ વુમન્સ રૂમ' અને 'સાત પગલાં આકાશમાં' બંને નવલકથાની મર્યાદા એ છે કે તેમાં મજબૂત પુરુષપાત્રોનો લગભગ અભાવ છે. સ્ત્રીની સ્થિતિ ભલે સાચી છે, પણ પુરુષવિરોધી થવાનું કારણ નથી, કારણ કે જે વ્યવસ્થાની શિકાર સ્ત્રી છે, પુરુષ પણ તે જ વ્યવસ્થાનો શિકાર છે. પુરુષના હિસ્સામાં લાભ વધારે આવ્યા છે એટલે તેની આંખો મોડી ખૂલે છે, પણ તે છીછરો કે અત્યાચારી જ છે અને સ્ત્રીને કદી સાથ નથી આપતો એવું તારણ નીકળે તે ખોટું. જાગૃત સ્ત્રીઓને પણ આ ખૂંચે, તો પુરુષોને તો આ ન જ ગમે. ગમે તેમ, ૧૯૭૭ સુધી અમેરિકામાં આ વિષયમાં નૉનફિકશનલ જ લખાતું ને વંચાતું તે ચીલો 'ધ વુમન્સ રૂમ' નવલકથાએ તોડ્યો તે એક વિક્રમસર્જક ઘટના હતી, જેને પરિણામે તેનું નામ અંકલ ટોમ્સ કૅબિન, સાયલન્ટ સ્પ્રિંગ, ટુ કિલ ધ મૉકિંગબર્ડ જેવી સીમાચિહ્નરૂપ કૃતિઓ સાથે મૂકાયું.

(1977, Publisher : Summit Books, Simons & Schuster)

---

''આજે ગાંધીની દિશામાં એક પગલું ભરનાર પણ ક્યાં છે? આધુનિક માણસને એક મોટી બીમારી લાગી છે. એની વાણી અસત્યથી ખરડાયેલી છે. અસત્ય, અર્ધસત્ય, ક્ષતવિક્ષત થયેલું સત્ય. તોડીફોડીને રજૂ કરાયેલું સત્ય અને જૂઠાણાં આચરાય છે. દિલ્હી સંસદથી માંડીને ગ્રામ પંચાયત સુધીના આપણે એ ભૂલી ગયા છીએ કે આપણે જૂઠાણાં આચરીને વાણીનો મિથ્યાચાર, અનાચાર, દુરાચાર કરીને ઘણું મોટું પાપ કરીએ છીએ.''

**- વિમલા ઠકાર**

## સારા દેખાવાની મથામણ

મનોજભાઈ ભત્રીજાના લગ્નમાં ગયેલા. પહેલે દિવસે મંડપ મુર્હૂત હતું અને તે જ દિવસે સાંજે સંગીત હતું. મનોજભાઈએ ગ્રહશાંતિ વખતે જે સુતરાઉ લેંઘો-ઝભ્ભો પહેરેલા તે જ કપડાં તેણે સાંજે સંગીતમાં પણ પહેર્યા.

તેમની ભત્રીજી, વરરાજાની મોટી બહેન, જે મુંબઈના બહુ સંપન્ન પરિવારની પુત્રવધૂ છે, તે બ્યુટીપાર્લરમાં જઈને સંગીતના કાર્યક્રમમાં એક કલાક મોડી પહોંચી. ભારે સાડી, ખૂબ બધા ઘરેણાં, ઝાઝાબધા મેકઅપ સાથે એ કોઈનું પણ ધ્યાન ખેંચી શકે તેટલી આકર્ષક લાગતી હતી. મોડેથી તેણે તેના ફૂવા, મનોજભાઈને ઝપટે લીધા.

‘ફૂવા, તમે કપડાં તો ઘણા લાવ્યા છો. તો પછી અત્યારે બીજા કપડાં કેમ ન પહેર્યા?’ મનોજભાઈને નવાઈ લાગી. ‘કેમ આમાં શું વાંધો છે?’

‘ના, પણ તમે રેશમી કે ભરતભરેલો ઝભ્ભો પહેર્યો હોત તો વધુ સારો લાગત. આ તો તમે સવારે પહેર્યો હતો.’

‘જો બેટા, સવારના અને અત્યારના માણસો તો જુદા છે, તો કોને ખબર પડવાની કે મેં એ જ કપડાં પહેર્યા છે? બીજું, મારી પાસે રેશમી કે ભરત ભરેલા એકેય ઝભ્ભા નથી. મૂળ વાત તો એ કે મને કોઈના આકર્ષણનું કેન્દ્ર બનવામાં રસ નથી. તું જે માટે આટલો ખર્ચ કરે છે, સમય આપે છે તેટલો સમય કે પૈસા મારી પાસે એના માટે નથી.’

‘કમાલ છો ફૂવા, શું સારા દેખાવું એ સારી વાત નથી? આપણે કોઈને સારા દેખાઈએ તે સારી વાત જ છે ને? અને તે માટે સમય આપવો પડે અને ખર્ચ પણ કરવો પડે.’

‘તારી વાત તો એકદમ સાચી છે. હંમેશા સારા દેખાવા માટે પ્રયત્ન કરવો જ જોઈએ. એટલે જ જો મેં ધોયેલા, ઈસ્ત્રી કરેલા, મેચિંગ સાથેના લેંઘો-ઝભ્ભો જ પહેર્યા છે. અને જો હજુ પણ પણ મારા બંને કપડાં એવા જ સારા છે. આથી કાલે લગ્નમાં પણ હું આ જ કપડાં પહેરવાનો છું. એમ કંઈ વારે ઘડીએ ધોવા ન નખાય.’

‘ખરા છો તમે તો!! હજુ કાલે પણ આ જ પહેરશો? જુઓ, મારા ફોઈ સવારનાં જુદાં, અત્યારનાં જુદાં અને કાલે સાવ જુદાં જ કપડાં પહેરશે ને તમે એ જ કપડાં પહેરી રાખો તો કેવું લાગે?’ હવે મનોજભાઈ અસલ માસ્તરના પાઠમાં આવી ગયા. ‘કોને કેવું લાગશે? હું મારા માટે કપડાં પહેરું છું. તેં જે કપડાં, ઘરેણાં અને મેકઅપ કર્યા છે તેનાથી મને તું સુંદર ચોક્કસ લાગે છે પણ તે સાથે તેં બે-ત્રણ લાખ રૂપિયાની નોટો શરીર પર લપેટી હોય તેવું લાગે છે. અને તે પણ તું બીજાને સુંદર દેખાય તે માટે. તેની સામે મારા શરીર પર તો માંડ

એકાદ હજાર રૂપિયા હશે. એક વાત સમજી લે કે તું મહેનત અને પૈસા ખર્ચે છે સારા 'દેખાવા' માટે, જ્યારે હું એટલી જ મહેનત અને તારા કરતા બહુ ઓછા પૈસા ખર્ચું છું સારા 'બનવા' માટે. આપણા બંને વચ્ચે આ બહુ મોટો ફેર છે. મને હું સારો દેખાઉં છું, કોઈને ના દેખાઉં તો મને કંઈ બહુ ફરક નથી પડતો.'

'ફૂવા, તમારી વાત તો મારે પલ્લે નથી પડતી.'

'જો સહેલી કરીને સમજાવું. કોઈ ખાસ પ્રસંગ માટે જુદા જુદા કપડાં વસાવવાની વાત મને સમજાતી નથી. એવા કપડાં બે-ત્રણ વર્ષે માંડ એકાદવાર પહેરવાનો વારો આવે. તે માટે હું એટલા પૈસા શા માટે ખર્ચું? તારી ફોઈ પાસે સોએક સાડી હશે. અને હજુ યે નવી સાડી લેવાની તો ચાલુ જ છે. એને પૂછ કે એવી કેટલી સાડી છે જે તેણે છેલ્લા દસ વર્ષમાં ક્યારેય નથી પહેરી? અથવા તો તેને પહેરવાનો વિચાર સુદ્ધાં નથી કર્યો? હું તારી ફોઈ જેવો થઈ શકું તેમ નથી. હું મને 'ડાહ્યો' માનું છું. એટલે હું એવા જ કપડાં રાખું છે જેને હું ગમે ત્યાં પહેરી શકું. આને કારણે મારા દરેક કપડાનો મહિનામાં એકવાર તો અચૂક વારો આવે છે. દરેક વખતે મને તમારી જેમ એ મૂંઝવણ નથી થતી કે આજે શું પહેરું? કારણ કે મારી પાસે વિકલ્પો બહુ ઓછા છે. એ મારું સુખ છે.'

હવે ફોઈ, મંજુબેનથી ન રહેવાયું, 'બેટા તું એની સાથ ધડ કરવા ક્યાં બેઠી? એમને એની રીતે જીવવા દે અને આપણે આપણી રીતે મજા કરીએ.'

---

હું અંગ્રેજી કેળવણીના બહિષ્કાર બાબતે ગાંધી સાથે સંમત નથી. તે કેળવણી તો આપણે માટે છૂપા આશીર્વાદ જેવી હતી. તેઓ મને ખુલ્લા દિમાગના લાગેલા, સિવાય કે તેમનામાં કેટલાક 'જૂનવાણી વિચારો' હતા. જેવા કે ગાંધી પોતાને હિંદુ તરીકે ઓળખાવતા. બિનસુધારાક્ષમ સંકીર્ણ મુસ્લિમો તેમની નબળાઈ હતી. ગાંધી હિંદુ સંકીર્ણતા સામે લડી શકતા પણ મુસ્લિમ સંકીર્ણતા સામે ઝૂકી જતા હતા. તે અસંગઠિત ધર્મમાં શ્રદ્ધા ધરાવતા, જેને હું રાક્ષસી ગણું છું. ગાંધી વર્ણાશ્રમને વળગી રહ્યા. વર્ણ એ માનસિક અને સામાજિક મિથ છે. જેનું અસ્તિત્વ ન હોઈ શકે.

**- વિચારક દાદા ધર્માધિકારી, 'સાથીઓની નજરે ગાંધી' - ફ્રેડ જે. બ્લૂમ**

●●●

ગાંધી માટે મને અનહદ માન છતાં એમના એક ચેલાએ (નેતા) મને કહ્યું કે : 'એ તો સૂર્ય, ને સૂર્ય એક જ હોય.' ત્યારે મારાથી જવાબ આપ્યા વિના ન રહેવાયું કે 'એ તો તમારી આંખે ધોળા દિવસનો પાટો છે એટલે તમે એ દેખી શકતા નથી. રાત પડવા દો. તમારા સૂર્ય જેવા અસંખ્ય ગોલકો અહીં આંટા મારે છે.' એમને માઠુ લાગી ગયું. પણ ગાંધીજીએ પોતે કદી આવો દાવો કર્યો જ નથી.

**- મકરંદ દવે 'સ્વામી અને સાંઈ'માંથી**

બાળકો અને શિક્ષકો માટે ... આવે છે, આવે છે, આવે છે

| ધોરણ ૬ થી ૧૦ | સામાન્ય તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે | બધાં શિક્ષકો માટે |
|---|---|---|

રસ પડે તેવી મૌલિક વાર્તા શીર્ષક સાથે, ગુજરાતીમાં લખો અને ઈનામો જીતો.

## તૃતીય વાર્તાલેખન સ્પર્ધા

| ધોરણ | દિવ્યાંગ વિદ્યાર્થીઓ (ધો. ૬ થી ૧૦) | સામાન્ય વિદ્યાર્થીઓ (ધો. ૬ થી ૧૦) | શિક્ષકો |
|---|---|---|---|
| શબ્દ મર્યાદા | ૮૦૦ શબ્દો | ૧૦૦૦ શબ્દો | ૧૫૦૦ શબ્દો |
| પહેલું ઈનામ | રૂ. ૧૧,૦૦૦/- | રૂ. ૧૧,૦૦૦/- | રૂ. ૧૧,૦૦૦/- |
| બીજું ઈનામ | રૂ. ૭,૦૦૦/- | રૂ. ૭,૦૦૦/- | રૂ. ૭,૦૦૦/- |
| ત્રીજું ઈનામ | રૂ. ૫,૦૦૦/- | રૂ. ૫,૦૦૦/- | રૂ. ૫,૦૦૦/- |
| પાંચ પ્રોત્સાહક ઈનામો | રૂ. ૧૦૦૦/- | રૂ. ૧૦૦૦/- | રૂ. ૧૦૦૦/- |

- ઈનામો ઉપરાંત સારી વાર્તાઓ પુસ્તક રૂપે 'વાર્તામિળો-૩'માં નામ સાથે પ્રકાશિત થશે.
- શિક્ષકોને જાતે વાર્તા લખવા અને સ્પર્ધામાં ભાગ લેવા આગ્રહભર્યું આમંત્રણ છે.
- શિક્ષકો વિદ્યાર્થીઓને વાર્તા લખવા પ્રોત્સાહિત કરે. વર્ગદીઠ પસંદ કરેલી પાંચ વાર્તાઓ અમને મોકલે.
- જે શાળામાંથી ૨૦થી વધુ વાર્તાઓ આવી હશે તે શાળાને પ્રશસ્તિ પત્ર આપવામાં આવશે.
- મૌલિક વિચારો, ભાષા-સજ્જતા અને રજુઆતને આધારે વાર્તા મૂલવવામાં આવશે.
- નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

**: ઋણ સ્વીકાર :**

**સહયોગી સંસ્થા :** આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર । વિચારવલોણું પરિવાર, અમદાવાદ

**૧લી જાન્યુઆરી ૨૦૧૯ થી ૧૫મી જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં**

આપની મૌલિક હાસ્ય રચના જરૂરી માહિતી સાથે નીચેના સરનામે મોકલો.

**દર્શા કિકાણી**

૧૦, સંજય પાર્ક, સુંદરવન પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.

મો. ૯૮૨૫૪૮૨૯૪૬.Email : darsha.rajesh@gmail.com

**નામ :** ______________________________

**સરનામું :** ______________________ **ફોન નં.** __________

**શાળાનું નામ :** ______________________________

**શાળાનું સરનામું :** __________________ **ફોન નં.** __________

**પ્રતિજ્ઞાપત્ર :** આ સાથે મોકલેલી વાર્તાના વિચારો મારા પોતાના છે અને વાર્તા મેં જાતે લખી છે. વાર્તાને પુસ્તકરૂપે પ્રગટ કરવા માટેના તથા બીજા બધા અધિકાર દર્શા કિકાણી હસ્તક રહેશે. **લેખકની સહી**

## પ્રતિભાવ

- 'પેપરક્લિપ્સ' પુસ્તક મારા સુધી પહોંચ્યું. એ બદલ આપ સૌનો આભાર. પ્રથમ વખતે આ પુસ્તક હાથમાં આવ્યું ત્યારે તો સામાન્ય આમતેમ પાના ઉથલાવીને પાછું મૂકી દીધેલું. પણ પછી મુરબ્બી રમેશભાઈ વૈષ્ણવના મુખે આ પુસ્તક વિશે સાંભળ્યું તો હોલોકોસ્ટ, મ્યુઝિયમ, ગેસ ચેમ્બર, બાળકોનું કામ, તેમનો ઉત્સાહ અને નવું જાણવાની ઈચ્છા થઈ અને સાહેબ પાસેથી આ પુસ્તક મેં મફતમાં જ લઈ લીધું કારણ કે સાહેબ ઘણા બધાને આપવા માટે આ પુસ્તક લાવ્યા છે. એમની પાસે દસ કરતા વધારે કોપી હતી એટલે. આ પુસ્તક લખનાર બહેન શ્રીમતી રસીલાબેન કડીયાનો પણ ખૂબ ખૂબ આભાર. આ પત્ર દિવાળીના પવિત્ર તહેવારના દિવસે લખુ છું એટલે આપસૌને દિવાળીની શુભેચ્છાઓ.
  (પ્રવીણ સુથાર, બી-૧, દેવબંગલો, આશ્રમ ચોકડી, મહેસાણા-૩૮૪૦૦૧)
- 'આદિવાસીઓના આલ્બર્ટ સ્વાઈત્ઝર' ડૉ. નવનીત ફોજદાર પુસ્તિકા મળી. ખૂબ જ ગમી. એક જ બેઠકે રસપૂર્વક વાંચી ગયો. પૂ. મોટા દ્વારા સનમાનિત થયેલા તથા ભૂમિપુત્રમાં દસવારિયુ વાંચ્યું અને એમાંય દરિયાના તોફાનમાં વહાણ ડૂબતા એક લાકડાને સહારે સાત સાત દિવસ ભૂખ્યા તરસ્યા વિતાવી અમરેલી જિલ્લાનો એક ખારવો કિનારે પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો. વિક્રમભાઈ તેમજ ભદ્રાબેનને ખૂબ જ નમસ્કાર વંદન. આવી સરસ અને શ્રેષ્ઠ પ્રેરણારૂપ પુસ્તિકા ખૂબ ગમી. આપણા તમામ ડૉ. સાહેબો જો વાંચે અને થોડું અમલમાં મૂકે તો રોગ, દાગ, દરિદ્રતા હિન્દુસ્તાન છોડીને જતું રહે. આપને ફોજદાર સાહેબ જેવું સહજ, પ્રેરક સ્વાસ્થ્યપ્રદ નવનીત મળતું રહે તે પ્રભુ પાસે પ્રાર્થના. આ અગાઉનું 'પેપરક્લિપ્સ' પણ ખૂબ જ ગમ્યું. વિચારવલોણુંને તથા આપ સૌને ધન્યવાદ. મારો રાજીપો મોકલું છું.
  (ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા, તા. ઉના, જી. ગીર સોમનાથ. મો. ૯૭૨૭૩૭૭૬૭૫)

---

''જે દેશમાં કોઈ મહાપુરુષનો જન્મ થયો નથી તે દેશ પ્રેરણા માટે કોની સામે જોશે? તેની કેવી દુર્દશા! પરંતુ જે દેશમાં મહાપુરુષો જન્મ્યા છે, છતાં જે દેશ કલ્પનાની જડતા અને હૃદયના પક્ષાઘાતને લીધે તેમનું મહત્ત્વ કેમે અનુભવી શકતો નથી. તેનું કેવું દુર્ભાગ્ય!

આપણું કેવું દુર્ભાગ્ય છે! આપણે સમાજના મોટા મોટા બુદ્‌બુદ્દોને ધૂળના સિંહાસન પર બેસાડી, બે દિવસ પુષ્પચંદન કરી, રમત રમી, મહત્ત્વપૂજાની ઈચ્છાને પૂર્ણ કરીએ છીએ. વિદેશીઓનું અનુસરણ કરી વાતવાતમાં સભા બોલાવી, ફાળો ઉઘરાવી, મહત્ત્વપૂજાનો ઢોંગ અને આડંબર કરીએ છીએ!''

**- રવીન્દ્રનાથ ટાગોર**

## કાંકરીચાળો

### ગાંધી : તત્ત્વ અને તંત્ર

ગાંધીની પ્રસ્તુતતાની જ્યારે વાત થાય છે ત્યારે, આદરણીય નારાયણ દેસાઈ જેવા ગાંધીજનો એને 'તત્ત્વ અને તંત્ર'ની રીતે ચકાસે છે. એમને જ ટાંકુ તો, ''કોઈ પણ ચિંતકના ચિંતનની પ્રસ્તુતતા જોનારે એના તત્ત્વ અને તંત્ર વિષે વિવેક જાળવવો ઘટે. તત્ત્વને ગ્રહીને તંત્રને યોગ્ય સ્વરૂપ અપાય ત્યારે જ તે પ્રસ્તુત બને છે.'' ( ભૂમિપુત્ર-૧/૫/૨૦૧૫, પૃ .૧૧૧).

પણ લાગે છે કે જો તત્ત્વ-તંત્રની આ પ્રકારની વિચારણા ચિંતકની પ્રસ્તુતતા પ્રતિપાદિત કરવા માટે જ કરવામાં આવે તો એમાં જાણે અજાણે એક મહત્ત્વની કડીનો લોપ થાય છે કે એ નજર અંદાજ થઈ જાય છે. ચિંતક તરફના અહોભાવને કારણે, તત્ત્વની રોમાંચક્તાને કારણે અથવા તંત્રના યોગ્ય વિનીયોગની આપણી અસમર્થતાને કારણે આ બંને વચ્ચે જે 'વ્યક્તિ' રહેલી છે તેનું આકલન ચૂકી જવાય છે. પ્રસ્તુતતાની આખી વાત દેશ-કાલને સાપેક્ષ તો હોય જ છે, પણ પાયામાં રહેલી 'વ્યક્તિ'ને સાપેક્ષ પણ હોય છે તે હકીકત તરફ કદાચ દુર્લક્ષ સેવાય છે.

ગાંધીતત્ત્વ એટલે શું? નીચોડ રૂપે જોઈએ તો સત્ય, અહિંસા, પ્રેમનાં શાશ્વત મૂલ્યો અને આ મૂલ્યો આધારિત જીવનશૈલી ગાંધી-તંત્ર એટલે શું? એમાંથી નીપજતા સત્યાગ્રહ કે રચનાત્મક કામો જેવાં સાધનો અને એમનો વિવેકપૂર્ણ ઉપયોગ. પણ, આ તત્ત્વરૂપ મૂલ્યો કોણ આત્મસાત કરે, પૂર્ણ નિષ્ઠાથી અને તાકાતથી એના પર આધારિત જીવનશૈલી ગોઠવે? તો એ જવાબદારી તો વ્યક્તિની જ ને! આજે એકવીસમી સદીમાં આપણે આતંકવાદ, ભોગવાદ કે રાષ્ટ્રવાદ જેવી જોખમી વિચારધારાઓ કે અન્યાય, અસમાનતા, ગરીબી કે શોષણ જેવાં દૂષણોનો ઈલાજ શોધીએ ત્યારે પણ આપણા સમગ્ર ચિંતનના કેન્દ્રમાં 'વ્યક્તિ' હોય એ અનિવાર્ય નથી લાગતું? આખરે ગાંધીજીએ પ્રયોજેલા તંત્ર-ની અસરકારકતા પણ વ્યક્તિનાં શીલ, સજ્જતા અને શૌર્ય પર આધારિત હતી અને છે એ કેમ ભૂલાય? એટલે, ગાંધીતત્ત્વ જો આજે પણ સ્વીકાર્ય હોય અને કેવળ તંત્ર વિષે જ જો અવઢવ હોય, તો આજની ક્ષણે તપાસવું તો એ ન જોઈએ કે તત્ત્વની બાબતે હું, તમે, આપણે સૌ, વ્યક્તિગત રીતે ક્યાં ઊભા છીએ? તંત્રનું 'યોગ્ય સ્વરૂપ' કેવું હોઈ શકે? એના પ્રયોગ કરવાની ક્ષમતા કેમ કેળવવી?

અને લો! હવે તો (Post Truth) નો કાળ આવી ગયો! સત્ય અને અહિંસાનાં મૂલ્યોની શાશ્વતતા જ સવાલોના દાયરામાં આવી ગઈ! જાણે તત્ત્વ જ ડગમગવા લાગ્યું! આપણે કઈ નિયતિ તરફ ધકેલાઈ ગયા છીએ? મંથન જરૂરી છે અને એમાં આપના સંવાદ લેખોની અપેક્ષા, તા. ૩૦ જાન્યુઆરી સુધી.....

**નિરંજન શાહ**

('સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯)

## ત્રણ અકસ્માત
### સુરેશ જોશી

બારણું બંધ કરવાનું રહી જવાથી એક માણસ
ઘર છોડીને બહાર નીકળી ગયો.
ઘરે એની વહુ ને દીકરો રાહ જુએ, પણ ધૂનમાં ને ધૂનમાં
એ ઝાડ નીચે બેસી રહ્યો, ખાધાપીધા વિના મરવા પડ્યો.
કહે છે કે એક ભરવાડણે દયા લાવી દૂધ પાયું. હવે સ્થિતિ સુધારા પર છે.
એનું નામ પૂછતાં, ગૌતમ બુદ્ધ એમ કહે છે,
લાગતાવળગતાએ ઘટતી તપાસ કરી એ વ્યક્તિનો કબજો લઈ લેવો.

સાંજને વખતે ટેકરી પર ઊભા કરેલા થાંભલા પર ચઢીને
એક માણસ કશુંક જોવા ગયો.
એ શું જોવા ગયો હતો તે વિશે કશી આધારભૂત માહિતી જાણવા મળી નથી.
પણ અંધારામાં નીચે ઊતરવા જતાં એ ખીલામાં ભેરવાયો
ને એ જ દશામાં મરણ પામ્યો.
એનું નામ ઈસુ એમ કહેવામાં આવે છે.
પોલીસને સબંધ વિશેની ખાતરી આપતાં મૃતદેહનો કબજો સોંપવામાં આવશે.

બે બંદૂકની ગોળી સાંજને વખતે સહેજ લટાર મારવી નીકળી હતી.
કોઈ ‘રામ રામ’ બબડતો ધૂની માણસ દેખતો છતાં ન દેખતો
એ ગોળીના માર્ગમાં આડે આવવાથી
ગોળીના માર્ગમાં અંતરાય ઊભો થયો.
એનું નામ મોહનદાસ હતું એમ કહેવાય છે.
આવા ગાફેલ આમ બેધ્યાન બનીને ફરે છે તેથી આવા અકસ્માત થાય છે.
એ વિશે ભવિષ્યમાં કાળજી રાખવી.

(સુરેશભાઈનો આ નિબંધ કદાચ સાદામાં સાદો છે. છતાં અહીં પ્રયોજાયેલી પત્રકારની શૈલી એટલી જ સરસ છે. વિશ્વની ત્રણ વિભૂતિઓના લય-વિલયની વાત કેટલી બધી સૂચક રીતે કહેવાઈ છે! વિચારીએ કે ગૌતમ બુદ્ધનાં ‘લાગતાવળગતા’ કોણ? પોલીસને ઈસુ સાથેના કોના કેવા સંબંધની શી ખાતરી આપી શકાય? ગાફેલ કોણ હતું? ગાંધી કે આપણે દેશવાસીઓ? - સુમન શાહ)